Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ ● અંક : ૩ ● તા. ૧૨ થી ૧૮ જાન્યુઆરી ૨૦૧૩ ● વાર્ષિક લવાજમ રૂા.૫૦● Regn.No. MH/MR/East/53/2012-14

ગગનચુંબી ધાર્મિક-સામાજિક
નેતૃત્વના આદર્શ મૂર્તિમંત કરનારા
શ્રી દેવજી દામજી ખોનાને
જન્મ શતાબ્દિ વર્ષ નિમિત્તે
ભાવભરી સ્મરણાંજલિ



## દેવજી દામજી ખોના (B.A.)

(જન્મ : તા. ૧૩.૧.૧૯૧૩)
(જખૌ-મસ્જિદ બંદર)

- અર્થશાસ્ત્ર અને ઈતિહાસના વિષય સાથે B.A.
- આચાર્યો પણ આદર આપે એટલું ધાર્મિક જ્ઞાન.
- કુમાર સંઘ (સન ૧૯૩૩) ના સ્થાપક પ્રમુખ અને (લલીત કલા મંડળ)નાં સ્થાપક સભ્ય.
- શ્રી. ક.દ.ઓ. પ્રકાશના સ્થાપક સભ્ય અને ઈ.સ. ૧૯૪૯ થી ૧૯૫૨ દરમ્યાન તંત્રી.
- ૫૫ વર્ષ ક.દ.ઓ. મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્ય અને ઉપપ્રમુખ.
- ઘણા વર્ષ સુધી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી
- સમેત શિખરજી તીર્થ માટે અનંતનાથ ટ્રસ્ટ પાસેથી માતબર દાન અપાવી ત્યાં જ્ઞાતિ ગૌરવ અનુભવે તેવો શિલાલેખ મુકાવ્યો.
- ક.દ.ઓ., ક.વી.ઓ., ગુર્જર સમાજને સાથે લાવી અચલગચ્છ ઉત્કર્ષ સાધક સમિતિની સ્થાપના તથા સંચાલનમાં સ્થાપક મંત્રી તરીકે મહત્ત્વપૂર્ણ યોગદાન.
- શ્રી. અચલગચ્છ જૈન સંગની સ્થાપનામાં તેમજ ઉપપ્રમુખ-ટ્રસ્ટી તરીકે મહત્ત્વનું યોગદાન
- અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાલી દેવીની ભાવના શરૂ કરાવી.
- સ્પેશિયલ ટ્રેન દ્વારા પૂ. મહાકાલી માના મુખ્યધામ પાવાગઢના ૧૦૦૦ યાત્રિક સંઘના મુખ્ય આયોજકોમાંથી એક.
- પાવાગઢમાંથી પૂ. મહાકાલીમા સામેની અખંડ જ્યોતમાંથી જીવંત જ્યોત લાવી શ્રી અનંતનાથ જિનાલયે પૂ. મહાકાલીના ગોખલા સામે અખંડ જ્યોત શરૂ કરાવી.
- આજે સર્વત્ર પ્રચલિત સમયાનુરૂપ બપોરના સાંવત્સરિક પ્રતિક્રમણ પ્રથાના પ્રારંભકર્તા.
- શ્રી. ક.દ.ઓ. જૈન સામાજિક કમિટીના સ્થાપક મંત્રી પછી પ્રમુખ.
- પર્યુષણ કરાવવા સાધુ-સાધ્વી ન પહોંચી શકે ત્યાં શિક્ષિત શ્રાવક-શ્રાવિકા મોકલવાની પ્રથાના પ્રણેતા.

# જલગામમાં ઐતિહાસિક ચાતુર્માસ આરાધના કરાવી પુ. જયદર્શિતાશ્રીજી મ.સા. તથા હિમાંશુશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પરિવર્તન. લાભાર્થી શ્રી કલ્પેશ માણેકજી છેડા પરિવારના નિવાસ સ્થાને


પૂ. જયદર્શિતાશ્રીજી આ.ઠા. અને બહેનો


પૂજ્યશ્રી સાથે સંઘના ભાઈ-બહેનો


પરિવર્તન પ્રસંગે સંઘ શોભા યાત્રા


પૂજ્યશ્રીનું ગહુંલીથી સામૈયુ


પૂજ્યશ્રીને આવકારતા પરિવારજનો


પૂજ્યશ્રી શ્રી કલ્પેશ છેડાના નિવાસસ્થાને પધાર્યા


પૂજ્યશ્રીના પાવન પગલાં


પૂજ્યશ્રી માંગલિક ફરમાવે છે


પૂજ્યશ્રીનું વ્યાખ્યાન સાંભળતો સંઘ


ગુરૂપૂજન કરતું શ્રી કલ્પેશભાઈ છેડા પરિવાર


સંઘપૂજન કરતા શિલ્પાબેન છેડા


સકળસંઘનું ચરણપ્રક્ષાલન કરી સંઘપૂજન કરતાં કલ્પેશભાઈ


પૂજ્યશ્રીને વહોરાવવાનો લાભ લેતો છેડા પરિવાર


સંઘનવકારશ્રીનો લાભ લેતા જલગામવાસીઓ


પૂજ્યશ્રી સાથે કુ. રાશિ કલ્પેશ છેડા


પૂજ્યશ્રી સાથે સંઘના ભાવિકો


શ્રી કચ્છકેસરી યુવક મંડળની ટીમ

## તંત્રી સમીપે : 'અનંતછાયા'નો ચુકાદો જે પણ હોય, સૌનો પ્રતિભાવ સકારાત્મક હોય એમ ઈચ્છીએ...

આખરે ગત ૮ જાન્યુઆરીના 'અનંતછાયા'ના મુદ્દે ચેરીટી કમીશનર સમક્ષની સુનાવણી પૂરી થઈ છે. અને તેનો ચુકાદો આ મહિનાની ૨૯મી તારીખે અપાશે.

આમ, છેલ્લા એકાદ વર્ષ દરમ્યાન સમગ્ર જ્ઞાતિમાં 'અનંતછાયા' ને લીધે જે ઉત્તેજના, ચર્ચા, વાદ-વિવાદ અને અટકળો સર્જાયા તેમાંથી હવે ચુકાદો આવ્યા પર્યંત અટકળો કે ઉત્કઠાં જ શેષ રહેશે.

આમ છતાંયે, 'અનંતછાયા' બાબતે આખી પરિસ્થિતિ હજી પણ ધૂંધકાર ને ધૂંધવાટની દશામાં છે અને તે ભલે સ્ફોટક ન બને તો પણ એક પ્રકારના મુકાબલા કે આમના સામનાની વાટે ચડીને ઘણી આગળ વધી ગઈ છે તે કોઈથી પણ અછતું નથી.

આમાં એક તરફ ટ્રસ્ટીઓ અને 'અનંતછાયા'ના ભાડુતો ને સામી બાજુએ સમગ્ર જ્ઞાતિ છે તે પ્રકારનો દોર જે છેલ્લા એકાદ વર્ષથી ચાલી રહ્યો છે તેમાં ઉત્તરોત્તર વધારે ને વધારે કડવાશ ઉમેરાતી ગઈ છે તે હકીકત પણ સૌની જાણમાં છે જ.

અલબત્ત, થોડા દિવસો પહેલાં શ્રી અનંતનાથજી ટ્રસ્ટના એક વર્તમાન ટ્રસ્ટીએ, વિશ્વસનીય પ્રતિમા ધરાવતા એક ભૂતપૂર્વ ટ્રસ્ટી સમક્ષ એકરાર કરતાં કહેલું કે 'અનંતછાયા' ના વેચાણ માટે ચેરીટી કમીશ્નર મંજુરી ન આપે તો સારૂં અને તેવી જ રીતે અન્ય કેટલાક વર્તમાન ટ્રસ્ટીઓ પણ મનમાં ઊંડે ઊંડે આ વેચાણની તરફેણમાં નથી તે હકીકત હોવા છતાં શા માટે આવી ચૂપકીદી સેવાઈ રહી છે તે સવાલનો જવાબ ઘણાં બધા જ્ઞાતિજનો જાણે છે જ.

આ વેચાણનો નિર્ણય અફર છે અને ચેરીટી કમીશ્નર વેચાણ માટે પરવાનગી નહીં આપશે તો અમે રાજીનામા આપશું તે મતલબના વિધાનો ટ્રસ્ટબોર્ડના મુખ્ય નેતૃત્વ ધરાવતા ટ્રસ્ટીઓ દ્વારા વારંવાર ઉશ્કેરાટ અને કટૂતાની ભાષામાં કરાતા રહ્યા છે તે પ્રત્યે  તસુભાર રોષ રાખ્યા વિના તટસ્થપણે વિચારીએ તો ટ્રસ્ટીઓ હજી પણ 'અનંતછાયા' બાબતે તેઓ કેટલા અંશે ફેરવિચારણા કરવા તૈયાર છે અને ટ્રસ્ટની અન્ય મિલકતો વિષે પણ તેમની શી યોજના છે તે બાબતે ફોડ પાડીને કે પારદર્શિતાપૂર્વક પોતાની ભૂમિકા સ્પષ્ટ કરતા નથી અને ખાનગી માલિકો હોય તે રીતે વર્તી રહ્યા છે. તે પ્રકારના અનુચિત અભિગમને કારણે આ આખી બાબતનો વિવાદ વકરી રહ્યો છે. તેમાં બે મત ન હોઈ શકે.

સામી બાજુએ, સમગ્ર જ્ઞાતિમાં આ વેચાણ અંગે તથા નૂતન દેરાસરજીનું નિર્માણ કોઈ અન્ય જ્ઞાતિની વ્યક્તિ દ્વારા થાય તે બાબતે થઈ રહેલા ઉગ્ર વિરોધને અવગણીને ટ્રસ્ટીઓ શા માટે જ્ઞાતિનો કે મહાજનશ્રીનો વિશ્વાસ સંપાદન કરાવી પોતાની નૈતિક ફરજ કે વિવેકને ઉવેખી રહ્યા છે કે તેમને ખાતરી છે કે મહાજનશ્રીની સામાન્ય સભા આ વેચાણ માટે સહમત થશે જ નહીં અને તેથી તેમને પોતાનો નિર્ણય બદલવો પડશે એ દૃષ્ટિએ તે કાર્યવાહી ટાળી રહ્યા છે તે મુદ્દો વિચારીએ ત્યારે અને જો વેચાણ અંગેની ચેરીટી કમિશ્નરની મંજુરી મળશે તો 'અનંતછાયા' ના ૬૦% થી ૭૦% ભાડુતો પોતાના હકો (નવા ફ્લેટો બને તે પહેલાં જ) અબઘડી ડેવલપરને વેચીને અન્યત્ર ઉચાળા ભરશે ત્યારે ત્યાં નિર્મિત થયેલ નૂતન જિનાલયમાં દર્શન-પુજા કરનાર મુખ્યત્વે ઈતર જૈનો જ હશે તેવા દેરાસરની પર આપણી માલિકી હક રાખવાનો કશો અર્થ રહેશે નહીં એનો વિચાર કરીએ ત્યારે અને તેવી જ રીતે ૨૦૦૯ની ચૂંટણી વખતે વર્તમાન


**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077



**સમિતિ સભ્યો**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા



**અંક નં. 3 / 2013**



**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ



**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in



નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

ટ્રસ્ટીઓને ઝંઝાવાતી સફળતા અપાવનાર જ્ઞાતિ અગ્રણીઓ અને સાથી-ટેકેદારોએ પણ વેચાણ કરવાને બદલે વૈકલ્પિક યોજના ઘડવા ટ્રસ્ટીઓને આપેલ સૂચનને પણ ગણકારાતું નથી તેનો વિચાર કરીએ ત્યારે ટ્રસ્ટીઓ પોતાની વિશ્વસનીયતાને કોઈપણ હદે હોડમાં મૂકી આ આખી બાબતને બીનજરૂરીપણે પોતાની પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી રહ્યા છે. તે પ્રકારની સર્જાયેલ વસ્તુપરિસ્થિતિ જ્ઞાતિ માટે ગંભીર ચિંતાનો વિષય બની ગઈ છે.

આ પશ્ચાદભૂમાં, અગર ચેરીટી કમીશ્નરનો ચૂકાદો ટ્રસ્ટીઓની તરફેણમાં આવે તો પણ ટ્રસ્ટીઓ, તેની હર્ષ-ઉજવણી માણવા નૈતિક દ્રષ્ટિએ કેટલા હકદાર રહેશે તે પ્રશ્નમાં જ ઉત્તર સમાયો છે તેમ કરી શકાય.

પચાસ વર્ષ પહેલા, ૧૯૬૨માં મહાજનશ્રીની સામાન્ય લાભાર્થે પ્રચંડ બહુમતીથી 'અનંતછાયા'ની જમીન ટ્રસ્ટની સ્કીમ ૧૯(ઓ) (ગરીબ અને જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને રાહત દરે રહેણાકની જગ્યા ભાડે આપવા) અન્વયે ખરીદવા ટ્રસ્ટીઓને પરવાનગી આપેલ ત્યારે ઉપસ્થિત ૨૫૦-૩૦૦ જ્ઞાતિજનોએ એ ઠરાવ મંજુર કર્યા પછી જે ઉજવણી કરી હતી તેના પરિપ્રેક્ષ્યમાં આજે ૫૦ વર્ષ પછી, આવી મોકાની બહુમુલ્ય મિલકત વેચવા સિવાય જાણે કોઈ વિકલ્પ નથી તેવી લાચાર દશામાં જ્ઞાતિ મૂકાઈ ગઈ છે તેવી છાપ અને ખાસ કરીને ઘાટકોપરમાં વસતી ઈતર જૈન અને ગુજરાતી પ્રજા આવી મોકાની જગ્યા વેચી દેવાની આપણી જ્ઞાતિની હાંસી ઉડાવી રહી છે તે સમજવાની સંવેદનશીલતા જ્ઞાતિજનોએ હજી ગુમાવી નથી તેની ગંભીરતા બિલકુલ ઓછી આંકવી ન જોઈએ.

અને જો ચેરીટી કમીશ્નર આ વેચાણ માટે મંજુરી ન આપે તો શું ટ્રસ્ટીઓ (અને આ સમિતિના સભ્યો પણ) સાગમટે રાજીનામા આપશે? કે હાઈકોર્ટમાં તેની કાર્યવાહી આગળ વધારવા પગલાં લેશે? અલબત્ત, વિરોધકર્તા પક્ષકારો પણ ટ્રસ્ટીઓની તરફેણમાં ચૂકાદો આવશે તો તેને પડકારવા હાઈકોર્ટમાં કાર્યવાહી કરશે જ તેવો નિર્ધાર વ્યક્ત કરતા રહ્યા છે.

આ બધા જો અને તોની વચ્ચે આશાનું એક કિરણ દેખાઈ શકે તેવી હિલચાલ શ્રી સમસ્ત મહાજનશ્રી દ્વારા થઈ છે તે એ રીતે પ્રસ્તુત છે કે તેના શ્રી અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ૨૪.૧૨.૧૨ના લખાયેલ પત્ર દ્વારા શ્રી સમસ્ત મહાજનશ્રીએ જ્ઞાતિ અગ્રણીઓ, અનુભવિ બલ્ડરો અને અન્ય જ્ઞાતિકર્મીઓ સાથે વિચારવિમર્શ કરી મેળવેલ અને સર્વસામાન્ય અભિપ્રાયની જાણકારી આપતાં અનંતછાયાનું વેચાણ ન જ થવું જોઈએ અને અન્ય મંતવ્યો દર્શાવ્યા હતા. તેના પ્રત્યુત્તરમાં ટ્રસ્ટીઓએ અલબત્ત પોતાના નિર્ણયની યથાર્થતાને દોહરાવી કેટલીક અસહમતિ અને વિરોધ દર્શાવવા ઉપરાંત અન્ય મુદ્દાઓ પણ ઉપસ્થિત કર્યા છે અને તેમ છતાં શ્રી સમસ્ત મહાજનશ્રી જ્યાં પણ ને જ્યારે પણ મળવા જણાવે ત્યારે મળવાની તત્પરતા દાખવી છે, તેનો તંતુ સમસ્ત મહાજનશ્રી વહેલામાં વહેલી તકે ઝડપી લેશે તો વ્યવહારની દ્રષ્ટિએ સમસ્ત મહાજનના આગેવાનો, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ જ્ઞાતિના અન્ય અગ્રણીઓની હાજરીમાં વિચાર વિમર્શ કરશે. તેનાથી ભલે કોઈ નક્કર લાભ નહીં મળે તો પણ આ રીતે સંવાદનો દોર ચાલુ રહેશે તો ચુકાદો ગમે તેના પક્ષમાં આવે તે પછી માત્ર નક્કર મતભેદોના આધારે જ વિવાદ બચશે અને મનભેદો દૂર થશે તો તે રીતે વિવાદ વધતો અટકશે. તેટલું પણ કરી શકાય તો પણ હાલની પરિસ્થિતિમાં તે ફળશ્રુતિ ઘણી ઉપયુક્ત ગણાશે.

દિશાશૂન્યતા અને દ્વિધાનાં ધુમ્મસમાં અટવાયેલી, જ્ઞાતિને અહમ-મમતને ઓગાળી દે તેવી સમજદારીના પ્રકાશ કિરણોની તેજ કટાર સત્વરે પ્રાપ્ત થશે જ તે શ્રધ્ધા રાખીએ.

**- રા**


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર મુલુંડ પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

**અનુમોદના**
'સાવલા-લોડાયા' ટુર્સના શ્રી પ્રવીણ ટોકરશી લોડાયા (કોઠારા-ડોંબીવલી) ને સમેતશિખરજી તીર્થની શતાધિક યાત્રાઓ માટે હાર્દિક અભિનંદન અને અનુમોદના...
-"તન-મન" પરિવાર

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની ★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

॥ શ્રી આદેશ્વરદાદાય નમઃ ॥ ॥ આશાપુરા માતાય નમઃ॥

# કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનું ગૌરવ



મુમુક્ષુ કુ. ગીતા

દેવ-ગુરૂની અસીમ કૃપાએ અને પ્રભુમહાવીરે પ્રરૂપેલા ધર્મમાર્ગે પ્રસ્થાન કરવા અમારી વહાલસોયી દીકરી **કુ. ગીતા વિજય ગોશર** (માતા પદ્માબેન) ગામ કચ્છ-બારોઈ હાલ-ચેન્નઈ તપગચ્છ સંઘમાં ચતુર્વિધ સંઘની સૌભાગ્યવંતી નિશ્રાએ પૂ.આ.ભ.શ્રી. હેમપ્રભાસૂરીશ્વરજી મ.સા.ના વરદ્હસ્તે ભાગવતી દીક્ષા(પ્રવજ્યા) અંગીકાર કરી આત્મકલ્યાણાર્થે તા. ૧.૨.૧૩ના શુભમુર્હુતે પ્રસ્થાન કરશે. મુમુક્ષુ ગીતાબેનનો વરસીદાન વરઘોડો ચેન્નઈમાં ૩૧.૧.૧૩ના નીકળશે. જેમાં સકલ સંઘને પધારવા સસ્નેહ આમંત્રણ છે.

આ દિક્ષા નિમિત્તે યોજાયેલ પંચાન્હિકા મહોત્સવે પધારવા અને શાસનની શોભા વધારવા સમસ્ત જ્ઞાતિને હાર્દિક આમંત્રણ છે.

મુમુક્ષુ ગીતાબેન ધર્મભાવનાએ પ્રભાવિત થઈ કોઈ મહાપ્રતાપી પુણ્યોદયે સંયમ માર્ગે જવા કટીબધ્ધ થયા છે. તેઓ પૂજ્યપાદ યોગનિષ્ઠ આ.શ્રી. વિજયકેશરસૂરીશ્વરજી મ.સા. સંપ્રદાયના પૂ.આ.શ્રી. હેમપ્રભુસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની પૂ.સા.શ્રી. યશપ્રભાજીના શિષ્યા વિરીતપ્રભાશ્રીની મ.સા.ના સાનિધ્યમાં શિષ્યત્વ સ્વીકારશે. પોતાનું જીવન રત્નત્રયી આરાધનાર્થે શાસનના ચરણે સમર્પિત કરશે. સંકલસંઘ આ પ્રસંગે પુનિત પગલા કરશે અને આ મહાન કાર્યની અનુમોદના કરશે. એવી વિનંતી સાથે...

**દીક્ષાસ્થળ : શ્રી જૈન આરાધનાભવન (ચેન્નઈ)**

**નિમંત્રક :**

**માતુશ્રી કસ્તુરીબાઈ ભવાનજી ગોસર (કિષ્ણાવાળા)**

**સૌ. પદ્માબેન વિજય ગોસર (બારોઈ-ચેન્નઈ)**

---

।। શ્રી ધૃતકલોલ પાર્શ્વનાથ નમઃ ।।

।। શ્રી ભલારા દાદાય નમઃ ।।

।।શ્રી અંબે માતાય નમઃ।। ।।શ્રી સચ્ચાઈ માતાય નમઃ।।

## શ્રી ભલારા દાદાની ૨૫મી પહેડી પ્રસંગે ભાવભર્યુ આમંત્રણ

શ્રી ભલારા દાદાની અસીમ કૃપાથી મુંબઈ મધ્યે ભલારા દાદાની ૨૫મી સમુહ પહેડીનો લાભ આ વર્ષે અમને મળેલ છે.

શુભ દિવસ : ચૈત્ર સુદ ૧, ગુડીપાડવા, ગુરૂવાર

**તા. ૧૧-૪-૨૦૧૩**

શુભ સ્થળ : કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે. રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦

સમય : બપોરના ૪.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી

**✧ નિમંત્રક ✧**

**માતુશ્રી કુંવરબાઈ વિશનજી માંયા મોતા**

(સુથરી- વિક્રોલી)

**માતુશ્રી લીલાવંતી લક્ષ્મીચંદ રતનશી લોડાયા મંજલીયા**

(સુથરી-મુલુન્ડ)

---

॥ જયશ્રી સચ્ચાઈ મા ॥

શ્રી **લાલા** ગામના **દંડ પરિવાર**ના કુળદેવી **"સચ્ચાઈમા"** ના ભાવિકોને હાર્દિક આમંત્રણ

સચ્ચાઈમાની નૂતન આરસની દિવ્ય અલૌકિક પ્રતિમાની પ્રતિષ્ઠા પ્રસંગ કાર્યક્રમની રૂપરેખા તા. ૨૬.૧.૨૦૧૩ શનિવાર સવારના નવ વાગે ભુજથી ગજોડ અને લાલા. તા. ૨૭.૧.૨૦૧૩ રવિવારના દેવસ્થાનમાં નૂતન પ્રતિમાની પ્રતિષ્ઠા વિધિ અને સાંજના ૭.૦૦ કલાકે ભુજ માટે પ્રસ્થાન. પધારનાર ભાવિકો પોતાના નામો વહેલી તકે લખાવી દેવા, જેથી વ્યવસ્થા કરવાની સગવડ થાય.

*** દર્શનાભિલાષી ***

**શ્રી લાલા દંડ પરિવારના સ્નેહીઓ અને શ્રી કુળદેવી સચ્ચાઈમાના સેવકો**

*** સંપર્ક ***

M - 09322250265 / 09322126602

**નોંધ :** આ શુભ પ્રસંગે સર્વ લાલા ગામવાસીઓને પણ લાભ લેવા હાર્દિક નિમંત્રણ.

## જાહેર નોટીસ

સમસ્ત જનતાને જાણ કરવામાં આવે છે કે નીચેના પરિશિષ્ટમાં વર્ણવેલી મિલકત મારા અસીલ મે. સુહાસ કન્સ્ટ્રક્શન કંપનીની છે, જેની ઓફિસ ૫-૬-૭ કૃપા એપાર્ટમેન્ટ, જી.બી. સ્કીમ રોડ નં.૪, મુલુંડ (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૮૧ ખાતે આવેલી છે. મારા અસીલને જાણવા મળ્યું છે કે આ મિલકત પર કાયદેસર રીતે મારા અસીલનો હક્ક હોવા છતાં (તાજેતરમાં અવસાન પામેલ) શ્રી કિશોર શિવજી મોતાએ આ મિલકતનો કેટલોક ભાગ છેતરપીંડી કરીને પોતાને નામે ટ્રાન્સફર કરાવી લીધેલ છે. હકીકતમાં કિશોર શિવજી મોતાએ ઈ.સ. ૧૯૯૯માં કરેલા ભાગીદારી છુટ્ટી થયાના કરાર દ્વારા આ જમીન સંબંધી પોતાના હક્ક, અધિકાર, માલિકી જતા કર્યા હતા. તેમજ મે. સુહાસ કન્સ્ટ્રક્શન કંપનીની માલિકીની સ્થાવર તથા જંગમ મિલકત પરથી પોતાનો હક્ક છુટો કરાવી લીધો હતો. આ કિશોર શિવજી મોતાએ કરાવેલા એક અનધિકૃત લેખિત દસ્તાવેજના આધારે મે. આદિત્ય સહકારી ગૃહનિર્માણ સંસ્થાએ ગિરનાર ડેવલપર્સ જેમની ઓફિસ એ-૧, માતૃછાયા એપાર્ટમેન્ટ્સ, એસ.એન. માર્ગ, મુલુંડ (પ), મુંબઈ-૮૦ તેમની સાથે કરારનામું કર્યું છે.

અમે સમસ્ત જનતાને જણાવવા ઈચ્છીએ છીએ કે તેમણે ઉપરોક્ત ગિરનાર ડેવલપર્સ સાથે અથવા જગા પરની સહકારી ગૃહનિર્માણ સંસ્થા સાથે કોઈપણ જાતનો વ્યવહાર/કરાર કરવા નહીં. કારણ કે તે વ્યવહાર/કરાર અમારા અસીલને બંધનકારક નથી તેમજ આવી રીતનો વ્યવહાર/ કરાર કરનાર પોતાના જ હિસાબે અને જોખમે કરશે અને તે માટે અન્ય કોઈ જવાબદાર રહેશે નહીં.

### મિલકતનું વર્ણન

આ જમીન મુંબઈ વિભાગ અને ઉપવિભાગમાંના કુર્લા તાલુકાના મુલુંડ પૂર્વ ગામમાં આવેલા મહાકાલી નગરમાંના મરાઠી વિદ્યાલય માર્ગ પર આવેલ છે તથા તેનો સર્વે નંબર ૫૭ તથા સીટી સર્વે નંબર ૨૦૧/૨ થી ૨૦૧/૯ છે.

**મે. અનિરુદ્ધ ભોર**

**સુહાસ કન્સ્ટ્રક્શન કંપનીના વકીલ**

જી-૧, અમૃત સિદ્ધિ, મૈથીલી સોસાયટી પાસે, પાંચ પાખડી, રવિ કમ્પાઉન્ડ, થાણે (વે.)

## પ્રથમ વર્ષગાંઠના વધામણાં



*Happy Birthday Hem...*

**તા.૧૨-૧-૨૦૧૩**

**ચિ. હેમની** પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે અંતરના શુભ આશિર્વાદ, અભિનંદન અને શુભેચ્છાઓ...

**✯ શુભાશિષ ✯**

મોટા દાદી : **ગં.સ્વ. ભચીબાઈ જવેરચંદ લોખંડવાલા**
દાદી-દાદા : **અસૌ. જયશ્રી-મધુકાંત જવેરચંદ લોડાયા**
નાની-નાના : **અ.સૌ. ભારતી-કિરણ કુંવરજી મોમાયા**
મમ્મી-પપ્પા : **અ.સૌ. પૂજા-દિપેન મધુકાન્ત લોડાયા**
મોટા મમ્મી-પપ્પા : **અ.સૌ. જેમીની-કેતન મધુકાંત લોડાયા**
ફુઈ-ફુઆ : **અ.સૌ. નિલમ-મયુર ગૌવિંદજી દંડ**
મોટો ભાઈ : **અંકિત** ● લાડલી બહેન : **ફેનાલી**
(કોઠારા-ગાંધીધામ)

## ત્રીજી પુણ્યતિથીએ શ્રધ્ધાંજલી

જન્મ
**૨૨.૦૫.૧૯૩૭**



અરિહંતશરણ
**૧૪.૦૧.૨૦૧૦**

**સ્વ. શા. રતિલાલ રૂપશી પદમશી લોડાયા**
(ભાભાવારા)
(મોટીખાવડી-ડોંબિવલી)

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપ અમારા આદર્શ માર્ગદર્શક હતા.
સદેહે અમારી વચ્ચે નથી, આત્માથી સમીપ છો,
આપનો ઉદાર, પ્રેમાળ, મિલનસાર સ્વભાવ
મીઠી સુવાસ બની રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના.....

**✻ શ્રધ્ધાસુમન ✻**
**સં.સ્વ. સુશીલા રતિલાલ લોડાયા**
(ભાભાવારા)
એવમ સમસ્ત પરિવાર

|| Shree Anantnathay Namah ||

**SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST**

(REGISTERED UNDER BOMBAY PUBLIC TRUST ACT, 1950 REG. NO. E-11572 (BOM.) DATED 24.2.1988)

C/o. SHRI KUTCHI DASHA OSWAL JAIN GNATI MAHAJAN, MUMBAI

SHRI ANANTNATHJI JAIN DERASARJI, ANANTNATHJI CHOWK, 302 / 306,
NARSHI NATHA STREET, MUMBAI - 400 009. Phone : 2344 8274

KDO

## તા. ૨૬-૨૭.૦૧.૨૦૧૩ના K.D.O. ટ્રેડ ફેરમાં પધારો અને લાભ લો

**રક્તદાન શિબીર :** રક્તદાન એ મહાદન છે અને આપના આપેલ રક્તથી કોઈક આત્માની જિંદગી બચાવી શકીએ છીએ કે જિંદગી લંબાવી શકીએ છીએ. જ્યારે આપે ગુમાવવાનું કશું જ નથી કેમ કે આપે આપેલ રક્ત થોડાક જ સમયમાં ફરી પાછું બની જાય છે.

ઈચ્છુક દાતાને પોતાનો ફોટો લાવવા વિનંતી જેથી આપને ત્યાં જ લેમીનેટેડ કાર્ડ આપી-આપની આપેલ રક્તનો ભવિષ્યમાં ઉપયોગ કરવા હક્કદાર બની શકશે સાથે આકર્ષક અનેરી ભેટ તો ખરી જ....

**આંખની તપાસ :** આપના રતન જેવી આંખ જેની તપાસ કરાવવી આવશ્યક છે, જેથી વધારે બગડતી અટકાવવા યોગ્ય નિદાન થઈ શકે. તુરંત સારવાર શક્ય છે. ફક્ત રૂ.૨૦ ની ફી ભરી, રજીસ્ટ્રેશન કરાવી આંખનું સંપૂર્ણ ચેકીંગ કરાવો. ચશ્માની જરૂરત હોય તો ત્યાં જ અત્યંત કિફાયતી દરે ચશ્મા ખરીદી શકશો.

**મેડીક્લેઈમ પોલિસી :** કુટુંબના બધા જ સભ્યોની મેડીક્લેઈમ પોલિસી હોવી અત્યંત જરૂરી છે. "100% K.D.O. UNER MEDICAL POLICY" આવા ઉમદા અભિયાનમાં આપ જોડાઈ આપને ગૌરવશાળી બનાવો કેમ કે એમાં આપણે ભવિષ્યમાં આવતા વૈદ્યકીય ખર્ચાથી સુરક્ષિત થઈ જઈએ છીએ. આજના સમયમાં બિમારી ઉંમરને લક્ષીને નથી આવતી, તેથી ક્યારે પણ એ સમજવાની ભૂલ નહીં કરતા કે હજી "મારી તો બિમારીની ઉંમર જ નથી." ટેન્શન યુગમાં જીવતા મુંબઈગરાઓને નાની ઉંમરમાં પણ બિમારીના ભોગ બનવું પડે છે અને ઈલાજ માટે ગમે તેટલી રકમ પણ ઓછી પડે છે. આપને પોલિસી કઢાવવા સંપૂર્ણ સહકાર આપવા ટ્રસ્ટ બંધાયેલું છે. આપ સંપૂર્ણ રકમ અથવા યથાયોગ્ય કે વિના મૂલ્યે પણ પોલિસી કઢાવી શકો છો.

૩ માસ થી ૭૯ વર્ષ સુધીના ૪ જણના કુટુંબને આવરી લેતું (FLOTTER POLICY) આગોતરી મેડીકલ તપાસ વગરની સૌથી સસ્તી પોલિસીનો અવશ્ય લાભ લો. આપના સ્વમાનને ઠેસ પહોંચાડ્યા વગર, આપની પોતાની જ મેડીક્લેઈમ પોલિસીનું વળતર આપના જ નામમાં સ્વતંત્ર રીતે મેળવો.

શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

# શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી

૨૧, ગુલાબ નિવાસ, ત્રીજે માળે, ગાવદેવી, ઘનશ્યામ ગુપ્તે રોડ, ડોંબિવલી (વેસ્ટ) - ૪૨૧ ૨૦૨.
E-mail ID : shreeswastikgroup12@gmail.com

આયોજીત

## રક્તદાન અભિયાન તથા
## ફ્રી બ્લડગ્રુપ અને ડાયાબિટીશ ચેકઅપ

### રક્તદાન મહાદાન... ટીપે ટીપે જીવનદાન...

**રક્તની જરૂર ક્યારે પડી શકે?**

અકસ્માત સમયે, કુદરતી આફત, કેન્સર, ઓપરેશન સમયે, પ્રસુતિ સમયે થતા માતા મૃત્યુદર અટકાવવા માટે. થેલેસીમયા, હિમોફોલિયા તેમજ સિક્લ સેલના દર્દીઓ માટે લાભદાયક સાબિત થઈ શકે છે.

**સ્વૈચ્છિક રક્તદાતા કોણ બની શકે?**

જે વ્યક્તિની ઉંમર ૧૮ થી ૬૫ વર્ષની વચ્ચે હોય અને વજન ૪૫ કિ.ગ્રા. હોય તેમજ છેલ્લા એકવર્ષ દરમ્યાન કોઈ ગંભીર બિમારી ન થઈ હોય તથા લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ૧૨.૫ ગ્રામ અથવા વધુંહોવું આવશ્યક છે.

**શિબિરની તારીખ** : ૩/૨/૨૦૧૩, રવિવાર, સવારે ૯ થી સાંજે ૫ સુધી
**શિબિર સ્થળ** : શેઠશ્રી કે.બી. વીરા હાઈસ્કુલ, ફતેહઅલી રોડ, ડોંબિવલી (પૂર્વ).



### ☆ આ અભિયાનના સહયોગી પરિવાર ☆

માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી)
માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા (વરાડીયા)



### ☆ રક્તદાન શિબિરના કન્વીનરો ☆

જયેશ લોડાયા (મો. ૮૯૭૬૫૭૫૦૮૦)
રાજીવ ધરમશી (મો. ૯૭૭૩૦૯૮૬૪૮)
રાહુલ છેડા (મો. ૯૮૧૯૮૭૨૪૦૬)
જિજ્ઞેશ લોડાયા (મો. ૯૧૬૭૯૨૧૬૮૨)
ભરત ખોના (મો. ૮૮૭૯૪૧૪૭૧૧)
હિતેશ નાગડા (મો. ૯૮૨૦૬૭૦૦૩૯)

GIVE BLOOD
SAVE LIFE

આપની રક્તની જરૂરીયાત માટે ઉપરના નંબર પર સંપર્ક કરશો.
બ્લડ કાર્ડનો ઉપયોગ ફક્ત રક્ત ઉપલબ્ધ કરાવવા જ થઈ શકશે.

હા! તો મિત્રો રક્તદાન કરી કોઈનું જીવન બચાવવામાં સહભાગી થવાના છીએ એવું વિચારી ખુશ થાઓ.

લી. શ્રી સ્વસ્તિક ગ્રુપ, ડોંબિવલી

શ્રી હિરાલાલ હંસરાજ ડાઘા
(વરાડીયા-માટુંગા)
AMBA
SHIPPING AGENCIES
CLEARING FORWARDING & SHIPPING AGENTS
401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-09.
2348 1744 Telefax 2348 1875 Fax : 2348 0587 E-mail : ambashipage@rediffmail.com

માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા
(રાપરગઢવારી)
MOTA
MOTA TRADING PVT. LTD.
SIMANDHAR EXIM CORPORATION
DFIA/DFRC Licenced Traders
20, Kapadia Chambers, 51-Devji Ratanshi Marg, Masjid (E),
Mumbai - 400 009. ✆: 6633 1632 / 6637 6314 Fax : 6637 0057.

॥ શ્રી ચંદ્રપ્રભસ્વામિને નમઃ ॥

# શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્

C/o. શ્રી નયન લહેરચંદ મેપાણી, મે. ક્રિસ્ટલ કોલોઇડસ્ પ્રા. લિ. ૯ અનુપમ ઇન્ડ. એસ્ટેટ નં.૧, ઓફ પી. કે. રોડ, ટેનજન્ટ શૉ રુમની સામે, મુલુન્ડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦.

**સ્નેહી શ્રી પરજાઉ ક.દ.ઓ. જૈન જ્ઞાતિજનો, જય જિનેન્દ્ર,**

સહર્ષ જણાવવાનું કે શ્રી પરજાઉ જ્ઞાતિજનો અને નિયાણી બહેનોનાં કુટુંબોનું સ્નેહ સંમેલન અને મહાજનની સભા રવિવાર તા.૨૭-૧-૧૩ પૌષ વદ ૧, સવંત ૨૦૬૯નાં સવારે ૮.૦૦ વાગ્યાથી નીચેના સ્થળે રાખેલ છે.

**❖ સ્નેહ સંમેલન અને સભા સ્થળ ❖**

**શ્રી વિજય સોસાયટી હોલ (શિશુકુંજ), બીજે માળે,**
**સેવારામ લાલવાણી રોડ, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૦.**

**-: કાર્યક્રમ :-**

| | |
|---|---|
| સવારના ૮.૦૦ થી ૯.૦૦ | આગમન, નવકારશી, નોંધણી અને ચર્ચા વિચારણા |
| સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ | શ્રી ભક્તિભાવના અને સાંસ્કૃતિક કાર્યક્રમ |
| સવારના ૧૦.૩૦ થી ૧૨.૦૦ | શ્રી ટ્રસ્ટની જાહેરાતો અને ધાર્મિક, શૈક્ષણિક સન્માન અને અન્ય બહુમાન.. |
| બપોરના ૧૨.૦૦ થી ૧.૩૦ | શ્રી સ્વામિવાત્સલ્ય |
| બપોરના ૧.૩૦ થી ૪.૦૦ | શ્રી ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભા, ચા પાણી અને આભારવિધિ. |

શ્રી પરજાઉના જ્ઞાતિજનોને તેમજ ગામની નિયાણી બહેનોને આ પ્રસંગે સહકુટુંબ પધારવા આગ્રહ ભરી વિનંતી છે. શ્રી પરજાઉના જ્ઞાતિજનોને વિનંતી છે કે આપશ્રી આપની નિયાણી બહેનો તથા જમાઈઓને સહકુટુંબ પધારવા આમંત્રણ આપવા વિનંતી.

શ્રી સ્નેહમિલનના ખર્ચને પહોચી વળવા સૌજન્ય દાતા આવકાર્ય છે. વધુ માહિતી માટે શ્રી ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવા વિનંતી.

**વાર્ષિક સામાન્ય સભાની કાર્યવાહીની એજન્ડા**

૧. ગત વાર્ષિક સામાન્ય સભાની મિનિટસનું વાંચન અને બહાલી
૨. નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ના હિસાબોની રજૂઆત, ચર્ચા અને બહાલી.
૩. નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટેના ઓડિટર્સની નિમણુંક
૪. શ્રી નૂતન ઉપાશ્રયના નિર્માણ સંબંધી ચર્ચા અને અંતિમ નિર્ણય
૫. પ્રમુખશ્રીની સંમતિથી રજૂઆત અને નિર્ણયો.

**નોંધ :** ૧. કોરમને અભાવે મુલત્વી રહેલી સભા તે જ દિવસે તેજ સ્થળે અડધા કલાક બાદ મળશે જેમાં કોરમની જરૂર નહીં રહે. ૨. આપણાં પરજાઉના શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલયનો આગામી ધજા મહોત્સવ વૈશાખ સુદ ૧૧, સવંત ૨૦૬૯ **તા.૨૦-૦૫-૨૦૧૩** અને સોમવારના દિવસે યોજાશે. આ પ્રસંગે સર્વેને સહકુટુંબ સ્થાનિકે પધારવા વિનંતી. ૩. આ પ્રસંગે જે ભાઈ કે બહેનને સાંસ્કૃતિક કાર્યક્રમ સંબંધી સૂચન હોય અથવા રજૂઆત કરવાની ઇચ્છા હોય તો વિના સંકોચે શ્રી ટ્રસ્ટીઓનો સંપર્ક સાધવો.

ફરી એકવાર શ્રી પરજાઉના ક.દ.ઓ. જ્ઞાતિજનો અને નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા ભાવભર્યું આમંત્રણ.

લિ.

**શ્રી કચ્છ પરજાઉ જૈન મહાજન ટ્રસ્ટ ફંડસ્‌ના ટ્રસ્ટીઓ વતી**
**શ્રી ગુલાબભાઈ ધનજી દંડના જય જિનેન્દ્ર**

॥ શ્રી ગોડીયાજી પાર્શ્વનાથાય નમઃ ॥

# કચ્છ રાપરગઢવારી તીર્થે શ્રી ગોડીયાજી પાર્શ્વનાથ જિનાલયનો ધ્વજા મહોત્સવ નું આગોતરૂં આમંત્રણ

આપણા જિનાલયનો આવતો ધ્વજા મહોત્સવ વિ. સં. **૨૦૬૯** ના જેઠ સુદ દસમ

**મંગળવાર, તા. ૧૮.૦૬.૨૦૧૩** ના દિવસે નિર્ધારીત છે.

સર્વે ગામવાસીયો તથા નીયાણી બહેનોને સહકુટુંબ માદરે વતન પધારવા ભાવભર્યું આમંત્રણ. ''ધ્વજારોહણ'' નો લાભ **માતુશ્રી દેવકાંબાઈ ટોકરશી પાશ્વીર લોડાયા** હસ્તે **શ્રી લલીતભાઈ ટોકરશી લોડાયા (હૈદરાબાદ)**એ લીધેલ છે.

## ✡ કાર્યક્રમની અંદાજીત રૂપરેખા ✡

| | |
|---|---|
| **૧૬/૦૬/૨૦૧૩** | સાંજે મુંબઈ થી પ્રયાણ |
| **૧૭/૦૬/૨૦૧૩** | સવારનાં કચ્છ આગમન |
| **૧૭/૦૬/૨૦૧૩** | બપોરે ૨.૦૦ વાગે અઢાર અભિષેક |
| **૧૭/૦૬/૨૦૧૩** | સાંજે ૭.૦૦ વાગે ભક્તિ સંધ્યા નામી કલાકારો સાથે |
| **૧૮/૦૬/૨૦૧૩** | સવારના ૯.૩૦ વાગેથી ''સત્તરભેદી'' પૂજા પ્રારંભ |
| **૧૮/૦૬/૨૦૧૩** | સવારના ૧૦.૩૦ વાગે ''ધ્વજારોહણ'' |
| **૧૮/૦૬/૨૦૧૩** | બપોરે ૩.૦૦ વાગે મુંબઈ માટે રવાના |

## દાતા આવકાર્ય છે.

નવકારશી-રૂા. **૭૫૦૦/-** બપોરનું જમણ-રૂા. **૧૫,૦૦૦/-** ચૌવિહાર-રૂા. **૧૧,૦૦૦/-**

## : નમ્ર સૂચના :

**નકરો રૂા. ૧૦૦૦/- પ્રતિ વ્યક્તિ રાખવામાં આવેલ છે. ગુરૂવાર, તા ૨૮/૦૨/૨૦૧૩ સુધીમાં નીચેના કાર્યકરોને સંપર્ક કરીને નામ નોંધાવવા વિનંતી.**

## સંપર્ક સુત્રો

| | |
|---|---|
| નરેન્દ્ર મોતા : ૯૮૨૦૬૯૦૯૦૯ | સોમચંદ નાગડા : ૯૮૩૩૮૧૬૧૩૧ |
| ચંદુલાલ મૈશેરી : ૯૮૩૩૧૫૧૨૫૮ | મુલચંદ લોડાયા : ૯૮૨૦૮૪૨૪૨૭ |

**રાપરગઢવારી મુકામે નુતનીકરણ થયેલ જ્ઞાનશાળાનાં દાતાઓનું નકરો રૂા. ૧૧,૦૦૦/- નક્કી થયેલ છે, જેમના નામો જ્ઞાનશાળામાં કાયમી અંકિત કરવામાં આવશે જેની નોંધ લેવી.**

**••• નિમંત્રક •••**

***રાપરગઢવારી-નાની સિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ***

ll Namai gantimai ll

# SHREE SHAMASTA K.D.O JAIN GNATI MAHAJAN

Office:-C/o Secertary General 19-20 Monani Sadan,1st floor Nehru road, Mulund(West), Mumbai-400080

Contact no:-022-25903514-5-6 ● email:-samastmahajan@gmail.com

## "K.D.O BuDs"

**One day religious and social shibir**

What is jainsim???

Why we should come to K.D.O?????????

What is the need of coming in K.D.O??????

What is jainam jayati shashanam???????

Are this all question arising in your mind?.want to have answer of this question?.
Then youth of 8 years to 15 years are invitted to come in one day fun mela regarding the knowlegde of our own dharmik as well as K.D.O. Gnati

On behalf of **Samasta Mahajan**, K.D.O Mahajan Baroda is going to organise a small one day **workshop** for encouraging our K.D.O youth to **GET and IMPART** knowledge regarding our scoial rituals and religious methods to get the **GOD……………..**

**SO WE ARE INVITTING...**
**"K.D.O BuDs" TO COME AND ENJOY**
**THE WORKSHOP AT**

**Venue**

Shree K.D.O Samaj Bhavan, Near Vimalnath Derasar,
Harni Warashiya Ring Road, Baroda

**Sponsered and organised by**
**Shri Nishit Anandilal Dand** (Tera-Baroda)

**Managed by**
**Shri Keval Navinbhai Vikamshi** (Parjau-Baroda)

**At your serivce for registration**
**Shri Dhanjibhai Chheda-**09327037879,0265-2531700

**Last date for registration**
Upto **27-1-2013.**

**"Entry fees(per BuD)**
Rs 100 (refundable at the end of workshop)

***"lots and lots of prizes to win in workshop with minute to win it"***

So everyone is requestted to reach at sharp 9am at the venue place.
Then workshop will be carried out with "3 star meal" in afternoon and a chotu "hite" in the evening……….

**K.D.O BuDs are invited from Vapi to Ahemdabad**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

## Interesting Anecdotes

Swami Ram Teerth was visiting U.S.A. one day as he was walking through a street in Chicago. An old woman stopped him and started passing rude remarks over the saint's spare dress and physical appearance. Swamiji did nor utter a single word. A few more persons joined the old woman. All of them cut jokes with him and went on giggling and calling him names. One of them said, 'Look at his uncivilized dress.'

'He could as well roam stark naked,' remarked another.

'He must be from a savage land, say India' said the third.

During all this mad show of superiority, Ram Teeth kept quiet. He simply smiled, blessed them and went on his way. When he had gone a score of stepped ahead, he was topped by a kindly old gentleman.

'Well sir,' why didn't you retaliate? They called you names and insulted you. You must have given them a piece of your mind. Don't you think so? said he.

'No sir, my attitude is different. They did not rebuke me. They scoffed at my physical body, nobody can abuse me, the real. I am different.'

And he walked away unconcerned.

The old gentleman said. 'This reminds me of Jesus Christ.'

## Proverbs are lamps to life

Fools rush in where angels fear to tread.

- Your real wealth can be measured not by what you have, but by what you are.
- They also serve who only stand and wait.
- Patience is a virtue
- A man without patience is a lamp without the oil.

## Amazing facts

A cigar factory in Las Palms Canary Islands (Atlantic ocean) makes the world's largest marketed cigars. Each cigar is 1 foot long.

- One family has won a hat trick of Nobel Prize. Marie and Pierre Curie shared the physics prize in 1903, and Madame Curie also won the chemistry prize in 1911. Then their daughter Irene, with her husband Fredrick Joliot Curie won the chemistry prize in 1935.
- Kirkpatrick Macmillan, a Scotsman, built the first bicycle with treadles and driving Rods in 1842. The boneshaker, a bicycle with rotary cranks, was built in Paris in France. In 1965. In the course of time, light-spoked wheels with rubber tyres were introduced. The penny-farthing had a large front wheel, upto 160 cms in diameter and a rear wheel 30 cm in diameter. The first safety bicycle with equal size wheels and sprocket chain drive was made by James Stanley in England in 1885. Today's bicycle, an extraordinary device has up to 50 gears at times.

## Amazing figures.

The world's highest cricket ground is in Chail, in Himachal pradesh, situated 2444 meters above sea level.

- The dead sea is a salt lake and its surface is the lowest point on the earth's surface at about 412 meters below sea level.
- Mount Everest continues to rise at an average rate of about 40 millimeters per year.

## Word Power

This week's prize goes to MRS. JASMINE DEEPESH GOSAR FOR HER MIND BLOWING 2050 WORDS from 'the fastest writing novelist'. That really needs a word of appreciation jasmine. It is a effort well taken sorry I has to cut off some short forms of words and some words without meanings I do that for everyone. But inspite of that your 200 words were really awesome. A big CONGRATULATIONS. KEEP IT UP.

This week's word is LAS PAMAS CANARY ISLANDS. Make as many words from this set of words and send it to MRS NEELAM DALESH MOMAYA, CHALISGAON. The longest list wins a prize.

## Think over it

Life is made up not of great sacrifices or duties, but of little thing in which smiles and kindnesses and small obligations, given habituality, are what win and preserve the heart and secure comfort.

**- H. DAVIS**

## સ્વ. શ્રી દેવજી દામજી ખોના B.A.

(તા. ૧૩.૧.૧૯૧૩ થી ૧૩.૧.૨૦૧૩) જન્મ શતાબ્દી વર્ષ



૧૦૦ વર્ષ પૂર્વે મુંબઈ સ્થિત દંપતિ અગ્રણી શા. દામજી માવજી ખોના, ગુંદરવાલાને ત્યાં તા. ૧૩.૧.૧૯૧૩ના દેવજીભાઈનો જન્મ. માતા રાણબાઈ. પાંચ ભાઈઓમાં દેવજીભાઈ ચોથા પુત્ર અને ત્રણ બહેનો મુંબઈમાં વેપાર ધંધાની વિપુલ તકોથી આકર્ષાઈ તેમના દાદા શ્રી માવજી દેવણાંધ ૧૭૦ વર્ષ અગાઉ જખૌથી મુંબઈમાં સ્થિર થયા અને ગુંદર, મેવા તથા કરીયાણાના ધંધા સ્થાપ્યા. તેમના ત્રણ પુત્રો પૈકી દામજીભાઈએ ઈ.સ. ૧૮૯૫માં પિતાનો સ્વતંત્ર ગુંદરના એક્સપોર્ટનો ધંધો વિકસાવ્યો. ગુંદરમાં એટલી પરખ શક્તિ કે હરીફ પાર્ટીઓ પણ તેમની સલાહ લે. ધંધામાં હથરોટી અને નિપુણતા.

- દેવજીભાઈનું પ્રાથમિક શિક્ષણ જ્ઞાતિની પાઠશાળામાં ને મેટ્રીક કોટની એસ્પ્લોનેડ ઈંગ્લીશ સ્કુલમાં ઈ.સ. ૧૯૩૧થી કર્યું. બાદમાં મુંબઈની એલફીન્સ્ટન કૉલેજથી અર્થશાસ્ત્ર અને ઈતિહાસના ખાસ વિષય થી. ઈ.સ. ૧૯૩૫માં બી.એ. કર્યું અને પરિવારના ગુંદરના ધંધામાં જોડાયા. ઈ.સ. ૧૯૩૬માં કચ્છ ગોધરાવાલા શા. મેઘજી લખમશીની પુત્રી કુંવરબાઈ સાથે લગ્ન. ૩ પુત્ર અને ૬ પુત્રીનો પરિવાર.
- નાનપણથી જ દેવજીભાઈ શિક્ષણ સાથે ધર્મ પ્રત્યે વિશેષ રૂચી. સંસ્કૃત, વ્યાકરણ અને ધર્મશાસ્ત્રોનું ઊંડું જ્ઞાન જૈન સાધુસંતો સાથે સંપર્ક, પંચ પ્રતિક્રમણ, જીવવિચાર, નવતત્ત્વનો અભ્યાસ.
- જ્ઞાતિ પ્રવૃત્તિઓમાં ૧૭ વર્ષની યુવા વયથી સક્રીય. મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના ઈ.સ. ૧૯૩૦થી ૧૯૮૫ સુધી ૫૫ વર્ષ સતત સભ્ય અને ઉપપ્રમુખ પદે પણ નિયુક્ત થયેલ. મહાજનની વિવિધ સમિતિઓમાં સક્રીય કાર્ય. શ્રી અનંતનાથજી દેરાસર અને શ્રી મહાજન હસ્તક થયેલ વિવિધ ધાર્મિક મહોત્સવોની જવાબદારી સંપૂર્ણ સફળતાથી પાર પાડેલ. જેમાં ઈ.સ. ૧૯૪૪ના મુંબઈ ગોદીધડાકાના કારણે ભગવાન અપૂજ રહેવાની આશાતના નિવારણા અર્થે અનંતનાથ દેરાસરમાં અઠ્ઠાઈ મહોત્સવ દરમ્યાન રચાયેલ ધાર્મિક રચનાઓ અભૂતપૂર્વ હતી અને સમસ્ત મુંબઈમાં પ્રશંસા પામેલ.
- સં. ૨૦૧૫ થી ૨૦૨૦ (ઈ.સ. ૧૯૫૯ થી ૧૯૬૪) દરમ્યાન શ્રી અનંતનાથ દેરાસરના ટ્રસ્ટી જ્યારે શ્રી સમ્મેત શીખરજી રૂા.૧,૨૫,૦૦૦/- (રૂા. સવાલાખ) નું યોગદાન અપાવવા ખૂબજ કુનેહથી મહાજનશ્રીની સંમતિ મેળવી, અને તેના શીલાલેખ પર લખવાનું લખાણ પણ મંજુર કરાવ્યું જેમાં જ્ઞાતિ, ગચ્છ, કચ્છ શ્રી અનંતનાથ દેરાસર શેઠ નરસી નાથા આદિનો ઉલ્લેખ કરેલ છે અને તે શીલાલેખ શીખરજી તિર્થની શ્રી પાર્શ્વનાથજીની મુખ્ય ટૂંકના જિનાલયમાં જડાવવામાં આવેલ છે જે વાંચી તીર્થયાત્રા કરતા જ્ઞાતિજનો ગૌરવ અનુભવે છે.
- જ્ઞાતિપ્રત્યે સેવાભાવ દામજી માવજી પરિવારમાં પરંપરાએ વણાયેલ છે. ઈ.સ. ૧૮૯૦થી ૧૯૮૦ દરમ્યાન સતત ૮૫ વર્ષ પિતા દામજીભાઈ, બંધુઓ રતનશીભાઈ, પુનશીભાઈ, સ્વયં દેવજીભાઈ, પુત્રો પ્રવીણભાઈ અને મહેન્દ્રભાઈ શ્રી અનંતનાથ દેરાસરના ટ્રસ્ટી પદે રહેલ. શ્રી મુંબઈ મહાજન, અન્ય ટ્રસ્ટો, સંસ્થાઓમાં સેવા પ્રદાન.
- શ્રી દેવજીભાઈ જ્ઞાતિ ઉપરાંત ધાર્મિક, શિક્ષણ સામાજીક ક્ષેત્રે પ્રવૃત્ત હતા. વિશેષમાં સહયોગીઓ સાથે ઘણી સંસ્થાઓ/પ્રવૃત્તિઓની સ્થાપના કરેલ, જે અદ્યાપી પર્યંત કાર્યરત છે અને વિકસેલ છે.
- તેઓશ્રી અચલગચ્છ, તેના આચાર્યો તથા અધિષ્ઠાયક દેવી શ્રી મહાકાલી માતાજી પ્રત્યે અતૂટ ભક્તિ અને શ્રધ્ધા ધરાવતા. અચલગચ્છના ઉત્કર્ષ, પૂ.સાધુ-સાધ્વી ભગવંતોની વૈયાવચ્ચ, સુશ્રુષા, વિહાર, અભ્યાસ, દીક્ષાર્થીઓનું બહુમાન, દીક્ષાનું આયોજન, વગેરેના હેતુથી મુંબઈમાં સં.

૨૦૧૦ (ઈ.સ. ૧૯૫૩) માં શ્રી અચલગચ્છ ઉત્કર્ષ સાધકસંઘ સમિતિની સ્થાપના કરી શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ, શ્રી. ક.વી.ઓ. દેરાવાસી મહાજન, મુંબઈ અને શ્રી ગુર્જર અચલગચ્છ સમાજની માન્યતા પ્રાપ્ત કરી. તેઓ ૧૫ વર્ષ તેના માનદ્‌મંત્રી પદે રહ્યા. જે દરમ્યાન પૂ. ગણિ શ્રી દાનસાગરજી મ.સા. અને પૂ. ઉપાધ્યાય શ્રી ગુણસાગરજી મહારાજ સાહેબને મુંબઈ તેડાવી. સં. ૨૦૧૨ (ઈ.સ. ૧૯૫૫)માં ચીંચબંદરના મેદાનમાં ખૂબજ ધામધૂમથી આચાર્યપદવી પ્રદાન કરવામાં મહત્ત્વપૂર્ણ ફાળો.

- ઈ.સ. ૧૯૬૭માં ઉપરોક્ત સમિતિના નેજામાં પૂ. આચાર્ય શ્રી ગુણસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં કચ્છ ભદ્રેશ્વરમાં શ્રીયુત નારાયણજી શામજી મોમાયાના પ્રમુખપદે સમસ્ત અચલગચ્છના સંઘોના પ્રથમ અધિવેશનનું આયોજન કરી હાલના શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘની સ્થાપના કરવામાં મહત્ત્વનું યોગદાન. તે સંઘના વર્ષો સુધી ઉપપ્રમુખ અને ટ્રસ્ટી રહ્યા.
- પૂ.આ. શ્રી. ગુણસાગરસૂરીશ્વરજી અગત્યની બાબતમાં શ્રી દેવજીભાઈની સલાહ સૂચન લેતા અને અમલ કરતા શ્રીયુત નારાયણજી શામજી મોમાયાની યોગ્યતાને અનુલક્ષી તેમને શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ નિયુક્ત કરવાના શ્રી દેવજીભાઈના સુચનનો પૂ.આચાર્યશ્રીએ સ્વીકારી શ્રી નારાયણજીભાઈને શ્રી સંઘનું સુકાન સોંપ્યું જે પદે ૧૧ વર્ષ સુધીની તેઓશ્રીની કારકીર્દી ઉજ્જવળ ઈતિહાસ છે.
- અચલગચ્છ અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાલી માતાજીની ભક્તિ આરાધના વિસરાયેલ છે જે ગચ્છની ઉન્નતી માટે ફરીથી શરૂ કરવી જરૂરી છે. એમ જ્ઞાતિને સમજાવી મહાજનશ્રીની અનુમતી મેળવી સં. ૨૦૧૦ ધનતેરસના શુભદિને ખૂબજ ધામધૂમથી શ્રી ક્ષમાનંદશ્રીજીના આશિર્વાદથી અને શ્રી ટોકરશી મહારાજની નિશ્રામાં ગચ્છ અધિષ્ઠાયિકાની પ્રથમ ભાવના શ્રી અનંતનાથજી દેરાસરમાં ભણાવાઈ જેનો તમામ ખર્ચ શ્રી વસનજી ભવાનજી વર્ધમાને ભોગવી લાભ લીધો. ત્યારબાદ શ્રી દેવજીભાઈએ શ્રી ક.દ.ઓ. જૈન ભક્તિભાવના મંડળની સ્થાપના કરી. તેના પ્રમુખ તરીકે રહી નિયમિત ભાવના શરૂ કરી, તેની જ્ઞાતિને પ્રેરણા કરી અને હાલમાં જ્ઞાતિ વસવાટના લગભગ દરેક ગામમાં શ્રી માતાજીની ભક્તિ ભાવના થાય છે.
- જ્ઞાતિ દ્વારા માતાજીના સ્થાનકે જઈ સામુહિક ભક્તિભાવના ઉદ્દેશથી તા. ૨.૧૨.૧૯૬૭ના સ્પેશ્યલ ટ્રેન દ્વારા મુંબઈથી પાવાગઢનો ૧૦૦૦ યાત્રિકોના સંઘનું આયોજન કર્યું. જેના સંપૂર્ણ ખર્ચનું યોગદાન બંધુ બેલડીશ્રી જવેરચંદભાઈ અને શ્રી સુર્યકાંત નાગશી દેવાણી તરફથી પ્રાપ્ત થયું. ત્યારબાદ પાવાગઢના અન્ય સંઘોના આયોજન થયા. સં. ૨૦૨૬માં યતિવર્ય શ્રી મદનચંદ્રજીના માર્ગદર્શનમાં પાવાગઢથી શ્રી મહાકાલી માતાજીની દેરીની 'અખંડજ્યોત' માંથી 'જીવંતજ્યોત' લાવીને શ્રી અનંતનાથજી દેરાસરમાં શ્રી મહાકાલી માતાજીના ગોખવાલી દેરીમાં જ્ઞાતિબંધુઓની વિશાળ હાજરીમાં ધામધૂમપૂર્વક 'અખંડજ્યોત' ની વિધિપૂર્વક સ્થાપના કરાવી.
- શ્રી મહાકાલી માતાજી પ્રત્યે અતુટ શ્રધ્ધાથી પ્રેરાઈ સં. ૨૦૪૪ (૧૯૮૮)માં ૨૦૦ જેટલા યાત્રિકોનો મુંબઈથી તેમણે સ્વયં પાવાગઢનો સંઘ કાઢેલ જેની વ્યવસ્થા શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ એ સંભાળેલ.
- શ્રી. ક.દ.ઓ. જૈન સંઘ માંડવી, મુંબઈના સ્થાપક પ્રમુખ, હાલમાં માંડવી સંઘના સભ્યો દ્વારા ઉત્કૃષ્ટ રીતે સાધુ-સાધ્વીજીના ચાર્તુમાસ, પાઠશાળા, આયંબિલ વગેરે વિવિધ આરાધનાના આયોજન કરે છે. શ્રી માંડવી સંઘ દ્વારા સામુહિક સાંજીની પ્રથા શરૂ કરી.
- સંવત્સરી પ્રતિક્રમણ પરિવારના દરેક સભ્ય કરી શકે તે હેતુથી બપોરના સંવત્સરી પ્રતિક્રમણની પ્રથા સર્વ પ્રથમ શ્રી અનંતનાથ દેરાસરમાં શરૂ કરી. હવે સર્વે સંઘોમાં બપોરના પ્રતિક્રમણ થઈ રહ્યા છે.
- સં. ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦)માં શ્રી અનંતનાથ દેરાસરમાં શ્રી. ક.દ.ઓ. જૈન સામાયિક કમિટીની સ્થાપના કરી જેના ૩૬ વર્ષ સુધી માનદ્‌મંત્રી બાદ ૧૩ વર્ષ પ્રમુખ. પ.પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી સંસારીપણામાં પ્રતિક્રમણ કરવા નિયમિત પધારતા.
- જે સંઘમાં પૂ. સાધુ-સાધ્વીજીના ચાતુર્માસ ન

થાય તે સંઘમાં પર્યુષણની આરાધના અર્થે શિક્ષિત શ્રાવક-શ્રાવિકા મોકલવાના પ્રણેતા. આ વ્યવસ્થા માટે દેવજીભાઈએ પૂ.આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજીને સહમત કર્યા. આ પ્રથાથી વધુને વધુ સંઘોમાં પર્યુષણ પર્વની આરાધના થાય છે.

- સમસ્ત જૈન સમાજમાં અલભ્ય પ્રાચીન જૈન ગ્રંથોના ભંડાર, પૂ. સાધુ-સાધ્વીજીના અભ્યાસ, પુસ્તકાલય, વાંચનાલયની સગવડ ધરાવવા માટે પ્રખ્યાત વીરબાઈ જૈન પાઠશાળા, પાલીતાણાના ટ્રસ્ટી હતા.
- મુંબઈમાં ઉત્કૃષ્ટ આયંબિલ ખાતાઓમાં ગણાતા, શ્રી મુંબઈ માંડવી વર્ધમાન તપ આયંબિલ ખાતા (પાલાગલીની ક.વી.ઓ. મહાજનવાડી)ના ઈ.સ. ૧૯૫૩ થી ૧૯૮૫ સુધી ૩૨ વર્ષ માનદ્‌મંત્રી અને બાદમાં ૧૯૯૦ સુધી ૫ વર્ષ ઉપપ્રમુખ હતા. આ સંસ્થા ક.વી.ઓ. સમાજની છે!

પૂ.આ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી પ્રેરીત, શ્રી આર્યરક્ષિત જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ, મેરાઉ-કચ્છ ની સ્થાપનાથી કારોબારી સમિતિના સભ્ય.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સમાં વર્ષો સુધી પ્રતિનિધિ અને સક્રીય સભ્ય.

મુંબઈમાં ૧૨૫થી અધિક જૈન શિક્ષણની પાઠશાળાઓની સંચાલક શ્રી મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘના સક્રીય સભ્ય. પાઠશાળાઓમાં અચલગચ્છના શિક્ષણની વ્યવસ્થા કરાવી, અભ્યાસક્રમ ગોઠવી આપી પરીક્ષાનું આયોજન કરાવ્યુ. પોતે પેપર સેટ કરી ચેક કરી આપતા.

અન્ય ગચ્છ-સમુદાયના આચાર્યો સાધુ ભગવંતો સાથે ખૂબજ સુમેળભર્યા સંબંધ. 'અચલગચ્છના પ્રતિનિધિ' તરીકે સર્વત્ર સર્વેને સ્વીકાર્ય.

સામાજીક અને શિક્ષણ ક્ષેત્રમાં પણ વિશિષ્ટ યોગદાન. 'કુમાર સંઘ' (સને ૧૯૩૩)ના સ્થાપક પ્રમુખ. કુમાર સંઘ દ્વારા મુંબઈમાં સર્વ પ્રથમ B.E.S.T. ની બસો દ્વારા મુંબઈ પરાના જિનાલયોની ચૈત્ય પરીપાટીનું આયોજન, ટાઈપીંગ, શોર્ટહેન્ડ, નામાના વર્ગો, દાંડીયારાસ, પર્યટન વગેરે પ્રવૃત્તિઓ અને ૧૯૪૩માં 'પટેલશાહી' નામના નાટકની ભજવણી. 'લલીત કલા મંડળ' ના સ્થાપક સભ્ય. સંગીત, ગાયન, વાદ્યના વર્ગોનું સંચાલન.

'શ્રી ક.દ.ઓ. પ્રકાશ' ની સ્થાપનાથી તેમાં સક્રીય સમિતિના સભ્ય. ઈ.સ. ૧૯૪૯ થી ૧૯૫૨ દરમ્યાન તંત્રી હતા જે દરમ્યાન યાદગાર 'રજત જયંતિ અંક' બહાર પાડ્યો. 'પ્રકાશ', 'પ્રકાશ સમીક્ષા' તથા અન્ય જ્ઞાતિપત્રોમાં વિવિધ વિષયો પર તેમના લેખો પ્રગટ થતા.

'શ્રી મેઘજી સોજપાર કચ્છી જૈન આશ્રમ', માંડવી. કચ્છની સ્થાપનાથી કારોબારીના સભ્ય. જ્ઞાતિબંધુને તેમની ભલામણથી સહેલાઈથી પ્રવેશ મળતો. આશ્રમના 'મહિલા વિભાગ' ના મકાન માટે ધર્મપત્ની કુંવરબાઈના નામે રૂા. ૩૫,૦૦૦/- નું અનુદાન.

જ્ઞાતિના પ્રથમ અધિવેશન (૧૯૪૮) મુંબઈ અને દ્વિતિય અધિવેશન (૧૯૭૯) હુબલીમાં મુંબઈ મહાજનના પ્રતિનિધિ તથા સક્રીય ભાગ અને માર્ગદર્શન.

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ ગદગ મહાજન દ્વારા પ્રકાશિત જ્ઞાતિના 'વસ્તીપત્રક' ના પ્રકાશન માટે ત્યાંના કાર્યકર શ્રી લાલજી હંશરાજ લાલકા તેમનું સતત માર્ગદર્શન લેતા. જ્ઞાતિની શિક્ષમ સંસ્થા 'શ્રી ક.દ.ઓ. જૈન પાઠશાળા' ના કમિટી સભ્ય ઈ.સ. ૧૯૪૪ થી ૧૯૪૭ દરમ્યાનના ખૂબજ કપરાકાળમાં શાળાના માનદ્‌મંત્રી હતા જે દરમ્યાન ૧૯૪૬માં કોમી તત્ત્વો દ્વારા મહાજનવાડીને આગ લગાડવાના કારણે મકાન બળી ગયું અને શાળા બંધ થઈ ગઈ. દેવજીભાઈએ માધ્યમિક વિભાગને શ્રી અનંતનાથ દેરાસરના ઉપાશ્રયમાં અને પ્રાથમિક વિભાગને વિદ્યાર્થીગૃહમાં ફેરવવા સર્વે સંસ્થાઓના અધિકારી, ટ્રસ્ટીને ખૂબજ કુનેહપૂર્વક સમજાવી ફક્ત ૩ દિવસમાં સર્વેની સંમતિ અને અથાગ મહેનતથી શાળાનું સ્થળાંતર કરી શાળા નિયમિત શરૂ કરવા સફળ થયા.

વ્યવસાયે કુટુંબની પેઢી, મે. દામજી માવજીની કાં. ના ગુંદરના એક્સપોર્ટના ધંધામાં ભાગીદાર. ધંધામાં પણ ઉચ્ચ નીતિમત્તા, સચ્ચાઈ, ધાર્મિક સિધ્ધાંતોનું પાલન, દૃઢ નિર્ણય શક્તિ, હિંમત, તીવ્ર બુદ્ધિમત્તા, કુશળતાથી ધંધાનું સફળ સંચાલન, ન્યાય નીતીપૂર્વક વહીવટ. સર્વેના વિશ્વાસપાત્ર. ધી ગમ મર્ચંટ એસોસીએશનના માનદ્‌મંત્રી, બાદમાં પ્રમુખ. ગુંદરના ધંધાના પ્રશ્નોનું સ્વીકાર્ય સમાધાન અને માર્ગદર્શન કરતા. અન્ય વેપારીઓના પ્રશ્નોનું પણ

નિરાકરણ કરતા. કામદારોનું દિલ, માન, વિશ્વાસ જીતી તેમનું હીત જાળવતા. પરદેશના ગ્રાહકો પણ ખૂબ માન આપતા.

સ્વભાવે શાંત, સરળ અને સમતાધારી, સ્વતંત્ર વિચારસરણી, મક્કમ મનોબળ, ઉમદા, ગુણગ્રહી, નિખાલસ, વિપરીત વિચારવાળા સાથે પણ આત્મિયતા અને સુમેળ, સર્વે પ્રત્યે આદરભાવ, માનભર્યું વર્તન. જ્ઞાતિબંધુઓ પ્રત્યે ખૂબ પ્રેમ અને લાગણી. નાના, મોટા, સામાન્ય તવંગરનો ભેદ નહિં. દંભ, ડોળની સંપૂર્ણ ગેરહાજરી. ભારતીય સંસ્કૃતિ, દેશ, ધર્મ, ગચ્છ અને જ્ઞાતિનું ખૂબજ ગૌરવ ધરાવતા અને દરેકના ઈતિહાસના જાણકાર હતા.

તા. ૧૫.૧૦.૧૯૯૫ના પરીવારની હાજરીમાં સ્વસ્થ અવસ્થામાં સતત ધર્મનું રટણ કરતા ૮૩માં વર્ષે સમાધિ મૃત્યુ પ્રાપ્ત કર્યું.

ઘણા પ્રસંગોએ એમના પ્રશંસકો, સહકાર્યકરો એમની બહુમુખી પ્રતિભાવંત કામગીરી અને સેવાઓને બિરદાવવાના હેતુએ એમનું સન્માન કરવાની ભાવના વ્યક્ત કરતા જેનો તેઓ હંમેશ નમ્રતાપૂર્વક અસ્વીકાર કરતા અને જણાવતા કે તેઓ જે કાંઈ કરે છે તે સમાજ, જ્ઞાતિ, ધર્મ પ્રત્યેની ફરજથી વિશેષ કંઈજ નથી, તે માટે સન્માન ન હોય.

## તેમના વિષે...

**પ.પૂ.આ.શ્રી. ગુણસાગરસૂરીશ્વરજી :-**
'દેવજીભાઈ મારા પરમ મિત્ર અને સલાહકાર છે'. અમારો અંગત મિત્રતાનો સંબંધ છે.

**પૂ.યતીવર્ય શ્રી મદનચંદ્રજી :-**
'દેવજીશેઠ તો દેવ પુરૂષ હૈ,' જીસકા હાથ થામા ઉસકા ઉધ્ધાર હો જાતા હૈ.

**પૂ.યતીવર્ય શ્રી મોતીસાગરજી :-**
ધર્મના સંસ્કારો, શ્રી અને સરસ્વતીની સાથે શાંત, નમ્ર, સાચા સમાજ સુધારક, શિક્ષણ સંસ્થાઓને સેવા આપનાર, સમાજના પરમસેવક, ધર્મપ્રેમી. શ્રી દેવજીભાઈ ધર્મનિષ્ઠ સૌજન્ય મુર્તિ છે.


શુભેચ્છા સહ....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
(રંગપુર-કોઈમ્બતુર)


## નાંદેડની ટીમ

નાંદેડમાં કોઈપણ સામાજિક-ધાર્મિક કે સુખ-દુખના પ્રસંગે દરેક કાર્યમાં જેમની અચુક હાજરી અને જેમને કાર્ય સોંપીને નિશ્ચીત થઈ જવાય. કોઈ માન-પાન કે હોદાની લાલસા કે નામનાની આશા વગર નિશ્વાર્થ ભાવે પોતાના સમયને ભોગ આપનાર. સમય પડે તો પોતાના ધંધા, વ્યવસાય કે કારોબાર બંધ રાખી સેવા આપનાર નાંદેડની આ ટીમની સૌ અનુમોદના કરે છે. જેમની મહેનતથી કાર્ય સફળ થાય છે. કાર્યકર્તા ટીમના સભ્યો સર્વશ્રી સુભાષભાઈ લાપસીયા, લખમશીભાઈ (માસ્તર), વિનોદ નાગડા, મુકેશ લોડાયા, ચંદ્રપાલ નાગડા, ભદ્રેશ સોની, મહેન્દ્ર જીવાણી, શાંતિલાલ લાપસીયા-, ભાવેશ નાગડા, અમીત લોડાયા, રૂપેશ જીવાણી આ બધા ધન્યવાદને પાત્ર છે. દરેકને પોતાનું અલગ વ્યવસાય છે પણ જરૂરત પડે સમાજસેવા માટે સમય આપી ફરજ બજાવે.

– *પ્રેમચંદ મોતા (નાંદેડ)*


Since 1984...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**
**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**
• રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
• કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
• બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
• પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી
ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

## Who's Afraid?

Good morning, sir."
"Good morning, Lalith. How's life?"
"Fine, Sir, Thank you for asking. As usual, sir, I have some questions. Can I go ahead?"
"By all means, Lalith."
"In a magazine I read recently, I came across this sentence, 'Bharath has arrived.' What does that mean?"
"It is an informal idiomatic expression, Lalith. It means 'become successful'.
What the writer meant was that Bharath has become successful in his career."
"Sir, one more question."
"Shoot it, Lalith."
"What's the difference between afraid, frightened and scared?"
"That's a good question, Lalith. All the three words mean 'feel fear'. I've never been so frightened in my life'. Scared is very common in informal speech and is often used to describe small fears. 'It was dark, I was alone and a bit scared'. Afraid is more formal and less common. When you say you're afraid of someone or something you're afraid of someone or something you're saying you feel fear when you see the person or experience the thing. 'She's afraid of dogs'. 'He is afraid of the dark'."
"Sir, When I went to my dad's office, his secretary said, "Lalith, I'm afraid you have to wait". What did she mean?"
"Lalith, I'm afraid is, again, an idiom. It means I'm sorry to tell you. "I'm afraid he is busy."
"Oh, so much to afraid?"
"One more thing. You can say a frightened child, a scared child but you can't say an afraid child."
"Sir, the last question. What's the meaning of 'by all means?' "
"Well, it means certainly."
"I'll ask you some more questions the next time I meet you."
"By all means, Lalith."

## A.B.C. OF MOTIVATION

**A**void negative sources, people, places, things and habits.

**B**elieve in yourself.

**C**onsider things from every angle.

**D**o not give up and do not give in.

**E**njoy life today, yesterday is gone, tomorrow may never come.

**F**amily and friends are hidden treasures; enjoy their richness.

**G**ive more than you planned to.

**H**ang on to your dreams.

**I**gnore those who try to discourage you.

**J**ust do what has to be done.

**K**eep trying, no matter how hard it seems, it will get easier.

**L**ove yourself first and most.

**M**ake it happen.

**N**ever lie, cheat or steal, always strike a fair deal.

**O**pen your eyes and see things as they really are.

**P**ractice makes perfect.

**Q**uitters never win and winners never quit.

**R**ead, study and learn about everything important is your life.

**S**top procrastinating.

**T**ake control of your own destiny.

**U**nderstand yourself first in order to understand others better.

**V**isualise it.

**W**ant it more than anything.

E**x**cellerate your efforts.

**Y**ou are unique of all God's creations, nothing can replace you.

**Z**ero in on your target and go for it !

# અધ્યાત્મ-પ્રકાશ: સુખ-દુ:ખ એક દૃષ્ટિકોણ

આ વિશ્વમાં પ્રાણી માત્રની ઈચ્છા છે કે કોઈ પણ પ્રકારે મને દુ:ખ ન હો અને સર્વથા સુખ હો... પ્રયત્ન પણ એજ અર્થે છે છતાં તે દુ:ખ શા માટે મટતું નથી?

શરીરનું દુ:ખ માત્ર ઔષધ કરવાથી મટી જતું હોય, મનનું દુ:ખ ધનાદિ મળવાથી મટી જતું હોય અને સંસર્ગ સબંધનું દુ:ખ મનને કંઈ અસર ઉપજાવી શકતુ ન હોત તો તે દુ:ખ મટ્યા માટે જે જે પ્રયત્ન કરવામાં આવે છે, તે તે સર્વ જીવોને સફળ થાત, પણ તેમ થતું જોવામાં ન આવ્યું. માટે તે દુ:ખનું મૂળ કારણ જો પર્યાય વિચારના કોઇક જ એનું સમાધાન પામ્યા અને ઘણા બધા પર્યાય સમાધાન નહીં પામ્યા છતાં મતિવ્યામોહાદિ કારણથી સમાધાન પામ્યા છીએ એમ માનવા લાગ્યા, અને તે પ્રમાણે ઉપદેશ કરવા લાગ્યા અને ઘણાં લોકો તેને અનુસરવા પણ લાગ્યા, જગતમાં જુદા જુદા ધર્મ-મત જોવામાં આવે છે તેની ઉત્પત્તિનું મુખ્ય કારણ એ જ છે.

'ધર્મથી દુ:ખ મટે' એમ ઘણાખરા વિચારવાળાની માન્યતા થઈ, પણ ધર્મનું સ્વરૂપ સમજવામાં એક બીજામાં ઘણો તફાવત પડ્યો. ઘણા તો મૂળ વિષય ચૂકી ગયા અને ઘણા તો એ વિષયમાં મતિ થાકવાથી અનેક પ્રકારે નાસ્તિક પરિણામોને પામ્યા.

અનંતકાળથી દુ:ખનું જો સાચું કારણ હોય તો તે સ્વરૂપ વિષે ભ્રાંતિ છે. જીવ પોતે જ પોતાને ભૂલી ગયો એ સહુથી મોટુ આશ્ચર્ય છે. વસ્તુનું જેવું સ્વરૂપ જ્ઞાનીઓએ વીતરાગતા પ્રગટ કર્યા પછી પ્રકાશિત કર્યું છે એ ખરેખર વિચારવા યોગ્ય છે. દુ:ખ નિવૃત્તિના ઉપાય : (૧) સર્વ દુ:ખોનો આત્યંતિક અભાવ અને પરમ અવ્યાબાધ સુખની પ્રાપ્તિ એ જ મોક્ષ છે. અને તે જ પરમહિત છે. વીતરાગ માર્ગ તેનો ઉપાય છે.

સમ્યગદર્શન, સમ્યગજ્ઞાન અને સમ્યગ્ચારિત્રની એકતા તે મોક્ષ માર્ગ છે. સર્વજ્ઞના જ્ઞાનમાં ભાષ્યમય તત્ત્વોની સમ્યક પ્રતીતિ થવી તે 'સમ્યગદર્શન' છે. તત્ત્વનો સમ્યકબોધ થવો તે સમ્યગ્જ્ઞાન છે ઉપાદેય તત્ત્વોનો અભ્યાસ થવો પોતાના સ્વભાવમાં સ્થિરતા થવી તે 'સમ્યગ્ ચારિત્ર' છે. શુદ્ધ આત્મસ્વરૂપ એવા વીતરાગ પદમાં સ્થિતિ થવી તે એ ત્રણેની એકતા છે. સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ ગુરૂ અને સર્વજ્ઞોપદિષ્ટ ધર્મની પ્રતીતિથી 'તત્ત્વપ્રભતિ' પ્રાપ્ત થાય છે.

(૨) દુ:ખની નિવૃત્તિને સર્વ જીન ઇચ્છે છે અને દુ:ખની નિવૃત્તિ દુ:ખ જેનાથી જન્મ પામે છે એવા રાગ-દ્વેષ અને અજ્ઞાનાદિ દોષની નિવૃત્તિ થયા વિના સંભવતી નથી. તે રાગાદિની નિવૃત્તિ એક 'આત્મજ્ઞાન' સિવાય બીજા કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનકાળમાં થતી નથી અને ભવિષ્યકાળમાં થઈ શકે એમ નથી. સર્વજ્ઞાની પુરૂષોને એમ ભાસ્યું છે માટે 'આત્મજ્ઞાન' જીવને પ્રયોજન ભૂત છે તેનો સર્વ શ્રેષ્ઠ ઉપાય સદ્ગુરૂ વચનના શ્રવણનું કે સત શાસ્ત્રનું વિચારવું એ છે. જે જીવદુ:ખની નિવૃત્તિ ઇચ્છતો હોય તેને એ જ એક માર્ગ આરાધ્ય સિવાય અન્ય બીજો કોઈ ઉપાય નથી. માટે જીવે સર્વ પ્રકારના મત મતાંતરનો, કુળધર્મનો, લોકસંજ્ઞારૂપ ધર્મનો ઓઘસંજ્ઞારૂપ ઉદાસભાવ આત્મવિચાર કર્તવ્યરૂપ ધર્મ કરવો યોગ્ય છે. જીવે સત્સંગમાં નિરંતર સમય-સમય નિવાસ ઇચ્છવો સ્વાનુભૂતિ એ જ સુખનો સાચો ઉપાય છે.

૩) સર્વ ક્લેશથી અને સર્વ દુ:ખથી મુક્ત થવાનો ઉપાય એક 'આત્મજ્ઞાન' છે, વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં અને સત્સંગ વિના જીવનું વિચારબળ પ્રવર્તતું નથી. એમાં કિંચિત માત્ર સંશય નથી.

જેમ જેમ ચિત્તનું શુદ્ધિપણું અને સ્થિરતા હોય છે તેમ તેમ જ્ઞાનીના વચનોનો વિચાર થયા યોગ્ય થઈ શકે છે સર્વ જ્ઞાનનું ફળ 'આત્મસ્થિરતા થવી એજ છે. એમ વીતરાગી પુરુષોએ કહ્યું છે જે અત્યંત સત્ય છે.

આકુળતામય શુભાશુભ ભાવથી ભિન્ન તારો નિરાકુળ જ્ઞાયક સ્વભાવ છે તેને અનુભવ્યાનો પ્રબળ પુરુષાર્થ કર.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે નહીં. દરેક પદાર્થની દરેક સમયની પર્યાય ક્રમબદ્ધ થાય-ઉપાદાન, નિમિત્ત બન્ને સ્વતંત્ર છે. આ સમજવામાં મહા પુરૂષાર્થ છે. ક્રમબદ્ધ પર્યાયને પરની તો અપેક્ષા નથી એવા તત્ત્વને સમજમાં લે તો તારા ભવભ્રમણનો અંત આવશે. આ એક જ કરવા જેવું છે.

***- શ્રી વલ્લભજી હીરજી 'કેવલ' (ગુણભારતી'માંથી સાભાર)***

## ઉપકરણ વંદનાવલિ

જે વેશને ધારણ કરી તીર્થંકરો સુશોભતા
ને દેશનામાં સર્વ વિરતિ ધર્મને ઉપદેશતા
સમકિતધારી દેવપણ જે વેશને નિત ઝંખતા
તે સાધુ સુંદર વેશને ભાવે કરું હું વંદના ...૧

જે કર્મરજને દૂર કરતો શોભતો મુનિ હાથમાં
ડગલે ને પગલે જેહને મુનિ રાખતાં નિજ સાથમાં
જે ધર્મધ્વજ વિણ મુક્તિ નહિં એ વાત ભાખી શાસ્ત્રમાં
તે ઉપકરણ **શ્રીરજોહરણને** ભાવથી કુરૂં વંદના...૨

જિન કલ્પીને વળી સ્થવીરકલ્પી મુનિ કહ્યો છે શાસ્ત્રમાં,
શ્રી સ્થવીરમુનિ ગોચરી વહોરે છે કાષ્ટનાં પાત્રમાં
વિણ સ્વાદ, દોષ તજી મુનિવર વાપરે જે પાત્રમાં
તે ઉપકરણ **શ્રીપાતરાને** ભાવથી કરું વંદના...૩

શ્રી ઋષભ પ્રભુએ વૈદ્ય ભવમાં મુનિ તણી સેવા કરી
ને રત્નકંબલના સહારે જીવની જયણા કરી
એ કામળીને કાળવેળાએ મુનિવર ઓઢતા
તે ઉપકરણ **શ્રીકામળીને** ભાવથી કરું વંદના...૪

તીર્થંકરોની ત્રિપદી ગણધર ગુંથે છે શાસ્ત્રમાં
તે શાસ્ત્રજ્ઞાન થકી મુનિવર રાચતા શુભ ધ્યાનમાં
શ્રુત જ્ઞાન આરાધી અનંતા જીવ પહોચતાં મોક્ષમાં
તે ઉપકરણ **શ્રીજ્ઞાનપોથીને** ભાવથી કરું વંદના...૫

જપમાળ મણકા ફેરવી મુનિરાજ કરતા સાધના
નવકાર ધ્યાને મસ્ત થઈ કરતા કરમ નિકંદના
એ સૂતમાળાને મુનિવર રાખતા નિજ સાથમાં
તે ઉપકરણ નવકારવાળીને ભાવથી કરું વંદના...૬

મન-વચન-કાયા દંડવા મુનિરાજ દાંડી રાખતા
નદી નીરની ઉંડાઈ પણ જેના સહારે માપતા
માંગલિક મેરુ શોભતો જે કાષ્ટદંડની ટોચમાં
તે ઉપકરણ **શ્રીમોક્ષદંડને** ભાવથી કરું વંદના...૭

જે આસને બેસી મુનિવર શાસ્ત્રને સમજાવતા
જે આસને બેસી મુનિવર સિદ્ધ સાધના સાધતા
છે સિદ્ધશીલા નામ જેનું ખ્યાત આગમ શાસ્ત્રમાં
તે ઉપકરણ **શ્રીસિદ્ધાસનને** ભાવથી કરું વંદના...૮

દિનભર મુનિવર દષ્ટિએ કરી જીવ જયણા પાળતા
પણ રાત્રિએ જીવ રક્ષવા દંડાસણ લઈ ચાલતા
અંધકારમાં જે દીવડો શોભી રહ્યો મુનિ હાથમાં
તે ઉપકરણ **શ્રીદંડાસણને** ભાવથી કરું વંદના...૯

આદાન ભંડ નિક્ષેપણા ઉપયોગમાં જે રાચતા
તે મુનિવરો જયણા કરી નિજ વિરતિને અજવાળતા
લઈ પોંજણી જીવ રક્ષતા ને પાત્રને પ્રમાર્જતા
તે ઉપકરણ **શ્રીપોંજણીને** ભાવથી કરું વંદના...૧૦

દીક્ષા લઈ દશવિધ સાધુ ધર્મને જે સાધતા
ને સાધનાનો શ્રમ કરીને શ્રમણ નામ ધરાવતા
તે શ્રમણ સૌ શ્રમ ટાળવા સંથારીયે સંથારતા
તે ઉપકરણ **શ્રીસંથારીયાને** ભાવથી કરું વંદના...૧૧

શ્રી જિનશાસન ગગનાંગણે "ગૌતમ-નીતિ-ગુણ"ચમકતા
ગુણોદય-કલાપ્રભસાગરસૂરિ શુભાશિષ વરસાવતા
ગુરૂ ગુણ જન્મ શતાબ્દિએ, કરી જીરાવલ્લાને વંદન
શ્રી નિરંજન ગુરૂકૃપાએ રચી, ઉપકરણી વંદના...૧૨

***-પૂ.સા.શ્રી નયગુણાશ્રીજી મ.સા.***

## કાવ્ય-પ્રકાશ : વિદાય

ડૂમો ને ડુસકાંના ઘેરાયાં વાદળાં ને, આંખોમાં જામ્યું ચોમાસું
શૈશવની શેરીમાં ખોવાઈ ગઈ રમતો,
ને દેવાના રહી ગયા દાવ,
મંદિરની ધજાની સાખે આપેલા
વાયદાઓ ભુલાઈ ગયા સાવ
ભીતર સઘળું ખાલીખમ તે છતાં, ખાલી ખાલી કમાડ હું વાસુ,
પાદરનું ઝાડ ને દેરી, વહેતી નદી
રસ્તો ન રોકી દે કોઈ,
પાછળ વળીને કશું જોયું નહીં જાણે
છાનામાના સાદ પાડે રોઈ
સ્મૃતિની ગલીઓમાં રખડે છે કોણ હવે, કારણ વિનાનું ગીત ગાશું
ઊતરતી રાતના આછા ઊજાસમાં
ડુબી જશે તારો એક ઝાંખો,
વિખરાતા ડાયરાના તમને સોગંદ
ક્યાંક ભીની ન થઈ જાય આંખો!
વહેતી પળોની કહાણીમાં સમાઈને, ભુલશું ને ભુલાઈ જશું.

***- પરેશ નાગડા (ઘાટકોપર) ૯૯૩૦૧૬૯૯૮૮***


શુભેચ્છા સહ...
**શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)**
**UKKHIMJI & CO.**
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

## વાનગી પ્રકાશ

### કોકોનટ આઈસ્ક્રીમ

**સામગ્રી :** ૧ લીટર દૂધ, ૨૦૦ ગ્રામ કન્ડેન્સડ મિલ્ક, ૩ ટેબલ સ્પૂન કોપરાનું ખમણ, ૫૦ ગ્રામ દળેલી સાકર, ૧૦ ગ્રામ ક્રીમ, ૨ ટી સ્પૂન કસ્ટર્ડ પાવડર, અડધી ટી સ્પૂન વેનીલા એસેન્સ.

**રીત :** કન્ડેન્સડ મિલ્ક અને સાદું દૂધ બન્નેને મિક્સ કરી ઉકાળવા મૂકવું. બરાબર હલાવતા રહેવું તે ઉકળે ત્યાર બાદ તેમાં સાકર ઉમેરવી. ઠંડા દૂધમાં કસ્ટર્ડ પાવડર ભેળવવો. ક્રીમને બીટ કરવું. દૂધ ઠંડુ પડે પછી તેમાં કસ્ટર્ડ પાવડર, ક્રીમ, કોપરાનું ખમણ અને વેનીલા એસન્સ ઉમેરી બરાબર મિક્સ કરી ફ્રીઝરમાં મૂકવું. આઈસ્ક્રીમ સેટ થયા બાદ એક વખત ક્રશ કરી, ફરીથી સેટ કરી સર્વ કરવું.

### મગ-ચણાની દાળનો હલવો

**સામગ્રી :** અડધી વાડકી ચણાની દાળનો કકરો લોટ અને અડધી વાડકી મગની દાળનો કકરો લોટ, ૧૦૦ ગ્રામ માવો, દોઢ વાડકી ખાંડ, ૩/૪ વાડકી ઘી, ૩/૪ ટી-સ્પૂન ઇલાયચીનો ભૂકો, ૧ ટે.સ્પૂન બદામનો અને ૧ ટે.સ્પૂન કાજુનો અધકચરો ભૂકો, થોડાક પિસ્તાની કતરણ, થોડીક કેસર.

**રીત :** બંને લોટ ભેગા કરી ગરમ ઘી તથા દૂધ નાંખી બરાબર ભેળવવું. તેને દબાવી, ઢાંકીને રાખવું. થોડીવાર બાદ ચાળણીથી ચાળીને કણી પાડીને રવાદાર ભૂકી તૈયાર કરવી. ઘી ગરમ મૂકી તૈયાર કરેલો લોટ ધીમે તાપે ગુલાબી શેકવો. લોટ બરાબર શેકાય એટલે નીચે ઉતારી લેવું. એક ચમચી ઘી ગરમ મૂકી તેમાં માવો નાંખી ગુલાબી શેકવો. ખાંડ ડૂબે તેટલું પાણી લઈ દોઢ તારી ચાસણી બનાવવી. ત્યારબાદ ચાસણીમાં શેકેલો લોટ, માવો, ઇલાયચી, અડધા ભાગનો બદામ-કાજૂનો ભૂકો નાંખવો. તેમાં કેસર નાંખી મીક્સ કરી હલવાને બાઉલમાં કાઢવો. બદામ-કાજુના ભૂકાથી ડેકોરેટ કરી ગરમાગરમ હલવો સર્વ કરવો.

*- સૌ. વર્ષા નવીન પટેલ (વડોદરા)*

## ઉપયોગી વેબસાઈટો

### www.shrujan.org

કચ્છના ભરતકામને દુનિયા સમક્ષ લાવી તેમાંથી કચ્છનાં સ્ત્રી કલાકારો માટે આવકના સાધનો ઊભા કરવાનાં આશયથી કચ્છી ભરતકામવાળી સાડીઓનું એક પ્રદર્શન ઓક્ટો. ૧૯૧૯માં મુંબઈમાં યોજાવામાં આવ્યુ ંજેને ભારે સફળતા મળી અને શરૂ થઈ એક સેવાભાવી સામાજીક સંસ્થા શ્રુજન.. કચ્છી કલા તથા કલાકારોનાં ઉત્કર્ષ માટે ભુજ ખાતે શરૂ થયેલ આ સંસ્થાની આ વેબસાઇટની આજે મુલાકત લઈએ.

Home Page સમગ્ર સંસ્થાની ભાત ઉપજે એ રીતે ગોઠવવામાં આવેલ છે. અહીં વેબસાઈટનાં દરેક પેજની લિંક આપવામાં આપવી છે. અન્ય પેજીસની માહિતિ લઈએ તો..

Productsમાં કારીગરો દ્વારા બનાવવામાં આવતી વિવિધ કલાત્મક ચીજ વસ્તુઓની માહિતી ફોટા સહ આપવામાં આવી છે. જેમાં બેગથી માંડીને શાલ સુધીની ચીજો છે.

Eventsમાં વિશ્વભરમાં થતા શ્રુજનનાં પ્રદર્શનોની માહિતિ મુકાય છે જેથી વધુમાં વધુ લોકો તેની મુલાકાત લઈ શકે.

Tradeમાં કારીગરો દ્વારા બનાવવાં આવતી વિવિધ આઈટમોનું વેચાણ કઈ રીતે થાય છે તેની માહિતી આપવામાં આવેલ છે.

Museumમાં કારીગરો દ્વારા બનાવેલ વિવિધ કૃતિઓનાં ફોટોગ્રાફસ વગેરેની માહિતી આપેલ છે.

Embroidery માં કચ્છની આ અદ્ભત કલા વિષે તથા તેનાં પારંપારીક મૂલ્યોની માહિતિ આપવામાં આવેલ છે.

એ ઉપરાંત કચ્છની આ કલાઓની વિધિ માહતિી તથા શ્રુજન સંસ્થાની શરૂઆતથી આજ સુધીનાં કાર્યો વગેરેની સંપૂર્ણ માહિતી વેબસાઈટ પર જોવા મળે છે.

એકંદરે શ્રૃજન દ્વારા કચ્છનાં ભરતકામનાં કારીગરો માટે જે ભગીરથ કાર્ય કરવામાં આવે છે તેની માહિતી આ વેબસાઈટ દ્વારા આપણને ઘેર બેઠા મળે છે.

# આરોગ્ય-પ્રકાશ : ઘણા રોગોનું કારણ વિરુદ્ધ આહાર

આજના યુગમાં વિરુદ્ધ આહારનું પ્રમાણ વધવાથી અનેક જાતના રોગોનું પ્રમાણ વધતું જાય છે. તેથી આરોગ્ય ઈચ્છતી વ્યક્તિએ તેને લગતું જ્ઞાન મેળવી લેવું જરૂરી છે. કેવળ સામાન્ય અજ્ઞાનને પરીણામે થતાં ધોળા કોઢ જેવા ખતરનાક રોગોને નિવારી શકાય છે.

વિરુદ્ધ આહારની વિચારણા તે આયુર્વેદની મૌલિક દેન છે. કેવળ ખાતી વખતે મોંમાં જ નહીં પણ પચતી વખતે પેટમાં એકઠાં થઈને રોગો કરનારાં એકથી વધુ દ્રવ્યોને વિરુદ્ધ આહાર કહેવામાંઆવે છે. જેમકે શાક કે કચુંબર રૂપે ડુંગળી ખાઈને તેની સાથે તે પચે તે પહેલાં એક-બે કલાકમાં દુધ પીવામાં આવે તો તે વિરુદ્ધ-ઉલટા ગુણવાળા આહાર કહેવામાં આવે છે. કારણકે, દુધ સાત્ત્વિક, હળવું, સુપાચ્ય દ્રવ્ય છે, જ્યારે ડુંગળી ભારે, દુર્જર અને તામસી ગુણવાળું દ્રવ્ય છે. તેથી તે બંને મળીને ધોળો કોઢ, દરાજ, કરોળીયા જેવા બધા જ ચામડીના રોગો કે ઘચરકાવિકાર કરે છે.

વિરુદ્ધ આહારને આયુર્વેદ વીષ સમાન અહિતકર માનેલો છે. કેટલીકવાર તે સદ્યમારક પણ બને છે. વિરુદ્ધ આહાર વધુ પ્રમાણમાં કે અજીર્ણની અવસ્થામાં લેવાથી ધોળો કોઢ, દરાજ, ખરજવું, કરોળીયા, ગુમડાં, ખુજલી, વિસર્પ, તાવ, ગાંડપણ, ભગંદર, સોજા, શીળસ, સંગ્રહણી, રક્તપિત્ત, જળોદર વગેરે ઉદરરોગો તેમજ ગળાના રોગો તથા કૅન્સર વગેરે થઈ શકે છે.

વિરુદ્ધ આહાર કોને કહેવો તે વિષે આયુર્વેદે ઘણી વિગતે યાદી આપી છે. તેમાં દુધ સાથે ઘણાં દ્રવ્યો વિરુદ્ધ આહાર થતા હોય છે. જેમાં કેરી, કેળાં, ખજુર, લીંબુ, પપૈયું વગેરે બધાં જ ફળો ગણાવ્યાં હોવાથી આજે પુષ્કળ પ્રમાણમાં અને ઘેર ઘેર વપરાતા ફ્રુટ જ્યુસ તેમજ ફ્રુટ આઈસ્ક્રીમ વિરુદ્ધ આહાર હોવાથી ઉપરોક્ત રોગો કરી શકે છે. તે રૂચીકર હોવા છતાં, તેનો પ્રચાર હોવા છતાં સમજુ વ્યક્તિએ પોતે તથા પરિવારમાં તેનો ત્યાગ કરવો હીતાવહ છે. તે રીતે દુધ સાથે ગોળ પણ વિરુદ્ધ હોવાથી જે માતાઓ બાળકને દુધમાં ગોળ નાખીને પાતી હોય તે બંધ કરવું જોઈએ. ગોળની ચા બનાવવાની પ્રથા પણ છોડવા જેવી છે. દુધ સાથે લસણ વિરુદ્ધ હોવાથી જ્યારે જ્યારે દુધ ખવાતું હોય ત્યારે લસણનો વઘાર કે તેની ચટણી ખાવી નહીં. દુધ સાથે ડુંગળી વિરુદ્ધ હોવાથી દુધ સાથે ડુંગળીનું શાક, ડુંગળીનું કચુંબર, તેનાં ભજીયાં વગેરે ન ખાવાં. ચા સાથે ડુંગળીનાં ભજીયાં કે ડુંગળીવાળો નાસ્તો વિરુદ્ધ છે. મુળા પણ દુધ સાથે વિરુદ્ધ હોવાથી રાત્રે દુધના ભોજન વખતે ખાવાની મનાઈ છે. તેનાથી ઘચરકવિકાર થઈ કરોળીયા વગેરે થવાની જે માન્યતા છે તે આ વિરુદ્ધ આહારની સમજને કારણે છે. ગાજરનું અથાણું, ગાજરનો મીલ્કશેક કે દુધ નાખીને બનાવેલો ગાજરનો હલવો વિરુદ્ધ આહાર ગણાવો જોઈએ. દુધ સાથે તુલસી વિરુદ્ધ હોવાથી ચરણામૃતના દુધમાં તુલસીનું પાન ખાવાને બદલે કેવળ માથે ચડાવીને સન્માનવાની પ્રથા છે. ચા કે ઉકાળો બનાવતી વખતે કેટલાક લોકો તુલસીનાં પાન નાખે છે તે યોગ્ય નથી. આદુ પણ દુધ સાથે વિરુદ્ધ છે. તેથી ભોજનમાં કે ચામાં દુધ સાથે આદુ ન નાખવું. બધાં જ ખાટાં દ્રવ્યો પણ દુધ સાથે વિરુદ્ધ હોવાથી ખાટાં ફળો દુધ સાથે ન ખાવાં તેમજ તેના ફ્રુટ શેઈક ન પીવા. આઈસ્ક્રીમમાં ખાટી દ્રાક્ષ, નારંગીના ટુકડા વગેરે નાખવાથી તે વિરુદ્ધ આહાર થવાથી રોગકારક બને છે. દુધપાક સાથે કઢી ખાવાથી કે દુધ અથવા દુધની વાનગી સાથે દહીં, છાશ કે કઢી ખાવાથી રોગ થાય છે. ખાટાં અથાણાં કે ઢોકળાં-ખમણ વગેરે દુધ કે દુધની વાનગી સાથે ન ખાવાં.

તે પ્રમાણે જમવામાં ગોળ હોય ત્યારે મુળા ન ખાવા, લસણ ન ખાવું, અડદ ન ખાવા. તલ અને ગોળ વિરુદ્ધ હોવાથી તલના ગોળમાં બનાવેલા લાડવા, તલવટ, તલસાંકળી કે ચીકી ખાવાથી ખંજવાળ, દાદર, ખસ જેવા રોગો કર્યા વીના રહેતા નથી. તે ખાવાથી કૃમી પણ થાય છે. દહીં સાથે મુળા કે કેળાં પણ વિરુદ્ધ છે.

પ્રયત્ન કરીને, સાવચેત રહીને આદત પાડવાથી વિરુદ્ધ આહાર બનાવવાની તથા વાનગી ખાવાની ટેવ છુટી જતી હોય છે અને તેથી મોટા ભાગના રોગોને અટકાવી શકાય છે.

**-વૈદ્ય શોભન વસાણી**

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## 'અનંતછાયા'નો ચુકાદો

ગત ૮ જાન્યુઆરીના ચેરીટી કમીશ્નર સમક્ષ શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ 'અનંતછાયા'ના વેચાણ અંગે મંજુરી મેળવવા કરેલી અરજીની સુનાવણી પૂરી થઈ છે. ઈચ્છુક ઈન્ટરવીનર રમેશ પદમશી શાહની અરજીનો અસ્વીકાર કરાશે, તેવું સુચિત કરીને ડેપ્યુટી ચેરીટી કમીશ્નર શ્રીમતી જાવલકરે તે બાબતે તથા ટ્રસ્ટીઓની મૂળ અરજી તથા ઈન્ટરવીનરો ડૉ. શ્રીમતી લક્ષ્મીબેન ખોના અને ચંદ્રબેન મોમાયાની વિરોધ અરજી પર ૨૯ જાન્યુઆરીએ પોતાનો ચુકાદો આપશે.

## પૂ.આ. કલાપ્રભસાગરસુરીજી મસ્જીદબંદર સંઘમાં

પૂ.આ.શ્રી. કલાપ્રભસાગરસૂરીજી આ.ઠા. તથા પૂ.સા.શ્રી. વિપુલગુણાશ્રીજી આ.ઠા. મસ્જીદબંદરે શ્રી અનંતનાથ જિનાલયે પધાર્યા. તા. ૯.૧.૧૩ના સંઘે પૂજ્યોનું ભવ્ય સામૈયું કરેલ. સવારે ૯ વાગે સિધ્ધચક્ર પૂજન માં ભાવિકો પધારેલ. તા. ૨૩.૧.૧૩ના મુમુક્ષુ કુ. દિશા જયચંદ લોડાયા (કોઠારા) ની દિક્ષા છે. પૂજ્યશ્રી સંઘના આદેશ્વર જિનાલયે ૧૫૫મી વર્ષગાંઠે મહોત્સવ પ્રસંગે પધારેલ.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ

ગ્રુપ દ્વારા કચ્છમાં અનાજ વિતરણ તેમજ માંડવી આશ્રમ અને કચ્છના દેરાસરોમાં ધાર્મિક ઉપકરણની કીટ તા. ૧૨/૧૩.૧.૧૩ ના શ્રીમતી ભારતીબેન ભાગચંદ ધરમશી (જૈન) ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવશે. એ માટે ગ્રુપના કાર્યકર ભાઈઓ મુંબઈથી સારી સંખ્યામાં જઈ રહ્યાં છે.

## ભુજપુરમાં શ્રી મહાકાલી મંદિરે ધ્વજા ઉત્સવ

શ્રી જિનેન્દ્ર જ્યોતિર્ધામ મંદિર-ભુજપુરની સાલગીરી નિમિત્તે ધ્વજા ઉત્સવ મહાસુદ ૧૨ શુક્રવાર તા. ૨૨.૨.૧૩ના શ્રી ચક્રેશ્વરીદેવી, શ્રી મહાકાલીદેવી, શ્રી અંબાજી, શ્રી પદમાવતી, શ્રી મહાલક્ષ્મી વગેરે દેવીઓની દેરીઓમાં તથા શ્રીપૂજ મ.સા. દેરી, શાસનરક્ષક ઘંટાકર્ણ મહાવીર દેવની દેરીની ધ્વજા ચડાવાશે. સવારના નવગ્રહ, દશ દિકપાલ અને પાટલા પૂજન બાદ ધ્વજારોહણ થશે. એ પછી બધી મૂર્તિઓના અભિષેક, શ્રી ભગવતીપૂજન, હવન, શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવનું મહાપૂજન-હવન અને પ્રભાવના તથા સાધર્મિક ભક્તિ રહેશે. બધી મૂર્તિઓનાં શણગાર અલંકાર, ચુંદડી, મહાઆરતી સહિત ઉત્સવથી ઉજવાશે. ભાવિકોને પધારવા તથા લાભ લેવા આમંત્રણ છે. વધુ વિગત સંપર્ક : યતિશ્રી (મસ્જીદબંદર)

## કુ. ગીતા વિજય ગોસર પ્રવજ્યાના પંથે

મુમુક્ષુ કુ. ગીતાબેન વિજય ભવાનજી ગોસર (બારોઈ-ચેન્નઈ) સંયમપંથે પ્રસ્થાન કરવા કટિબધ્ધ થયા છે. આ દીક્ષાના મુહુર્ત પ્રદાતા પં.પ્ર. ગણિ પૂ. ઉદયપ્રભવિજયજી મ.સા. છે. ગીતાબેન પૂ.આ.શ્રી. હેમપ્રભસુરીજીના વરદહસ્તે પૂ.સા.શ્રી. યશપ્રભાશ્રીજી અને વિરતીપ્રભાશ્રીજી પાસે ચેન્નઈમાં તા. ૧.૨.૧૩ દીક્ષા લેશે. તેમના વરસીદાનનો વરઘોડો તા. ૩૧.૧.૧૩ના રહેશે.

## જખૌ જ્ઞાતિ મહાજનની વાર્ષિક સભા

જખૌ મહાજનની વાર્ષિક સામાન્ય સભા પ્રમુખ શ્રી ભરત વેરશી જીવાણીના અધ્યક્ષપદે રવિવાર તા. ૩૦.૧૨.૧૨ બપોરે ૩.૦૦ વાગે શેઠ નરશી નાથા સભાગૃહના ત્રીજા માળે એકત્ર મળેલ. એ સભામાં ૧૦૬ સભ્યો હાજર રહ્યા હતા. મહાજન પ્રમુખ શ્રી ભરત વી. જીવાણીએ સભ્યોને આવકાર આપી ગામ અને તીર્થના વિકાસ માટે સૌને સહકાર માટે અપીલ કરેલ. માનદ્‌મંત્રી શ્રી હરીશ શિયાડે ગત બેઠકની મિનીટ્સ વાંચી જેન બહાલી અપાઈ. મહાજન શ્રી અને ટ્રસ્ટબોર્ડનાં વર્ષ ૨૦૧૦-૧૧ ના મહાજનશ્રીના અન્વેષિત હિસાબો કોષાધ્યક્ષ શ્રી અશ્વિન મૈશેરીએ અને ટ્રસ્ટબોર્ડના હિસાબો ચેરમેન શ્રી રાજેશ ખોનાએ રજુ કર્યા. સભાએ સર્વાનુમતે બહાલી આપી.

આ પછી, મહાજનશ્રીને આવેલ અગત્યના પત્રવ્યવહારની રજુઆત થઈ જેમાં સ્વ.શ્રી. ભવાનજી કાનજી મોમાયાના સુપુત્રો સર્વ શ્રી રમેશભાઈ, લબ્ધિભાઈ, તિલકભાઈ અને પૌત્ર વિજય હીરાચંદ મોમાયા પરિવાર (મોટી સિંધોડી), તથા શ્રી પ્રતાપ લખમશી વિકમશીના જખૌ મહાજનમાં ભળી જવા અને સમાવિષ્ટ કરી લેવા તેમના મૂળ ગામ-મહાજનની 'ના હરકત દાખલા' સાથે આવેલ અરજીઓ પર વિચારણા કરી સર્વાનુમતે જખૌ મહાજનમાં ભેળવી લેવા નિર્ણય લેવાયો.

જખૌ જિનાલયમાં હવેથી બપોરે માંગલિક ૪ વાગે કરવાનું સર્વાનુમતે નક્કી થયેલ. જખૌ તીર્થ સંકુલમાં વર્તમાન અતિથીગૃહકનું સમયાનુસાર સુવિધાઓ સાથે જરૂરી નૂતનીકરણ, ભોજનશાળા-રસોડાનું રીપેરીંગ અને જિનાલયનો જરૂરી જીર્ણોધ્ધાર આદિ કાર્યો ટ્રસ્ટબોર્ડે ત્વરીત હાથ ધરવા મહાજનની સભાએ ભલામણ કરી. આ ઉપરાંત સંકુલમાં નૂતન અતિથીગૃહ નિર્માણ માટે આયોજન વિચારી તેનો અહેવાલ સભા સમક્ષ રાખવા અને તે માટે એક સમિતિ નિમવાની ભલામણ થઈ. સભાના અંતે ચા-પાણી અને સાંજે ચોવિહાર કરી સૌ છુટા પડ્યા.

## મોટી વરંડીમાં ધ્વજા મહોત્સવ

શ્રી ભલારા દાદા તથા કુળદેવી શ્રી સચ્ચાઈમાતાજીના વરંડી (કચ્છ) સ્થાનકે તા. ૧૬ તથા ૧૭-૧૨-૧૨ માગશર સુદ ૪-૫ના યોજાયેલ ધ્વજા મહોત્સવે મુંબઈ-ગાંધીધામથી ૫૦ ભાવિકો વરંડી પધારેલ.

તા. ૧૬.૧૨.૧૨ના પહેડી, શ્રી ક્ષેત્રપાળ દાદા, શ્રી અમીઝરા ભલારા દાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીની પહેડી ધ્વજાના લાભાર્થી પરિવાર દ્વારા ચડાવવામાં આવેલ તેમજ સાંજે શ્રી ભલારાદાદાનો પાઠ શ્રી પ્રવિણભાઈ પીર દ્વારા મંડાયેલ. પાઠની વિધિ બાદ સ્થાનમાં ભાવિકો દ્વારા હર્ષોલ્લાસથી માતાજી તથા શ્રી ભલારાદાદાની ભાવના કરવામાં આવેલ. ભાવના બાદ સમુહ આરતી થઈ.

તા. ૧૭.૧૨.૧૨ના સવારે અભિષેક તેમજ સિંધુરલેપ વિધિ કર્યા બાદ શણગાર તથા સુંદર સજાવટ જયશ્રીબેન પીર દ્વારા અન્ય બહેનોના સંગાથે કરવામાં આવેલ.

સવારના ૧૦-૩૦ કલાકે ગ્રામજનો તથા ભાવિકોની ઉપસ્થિતિએ ધારાવડી, પખાવાજ, ગરબા-રાસ રમતાં ગામની પ્રદક્ષિણા કરીને ૧૧-૪૫ કલાકે સ્થાનના પ્રાંગણમાં પધારેલ. શિખર તેમજ ઘુમ્મટની ધ્વજાના લાભાર્થી પરિવાર શ્રી રતનશી તેજપાર લોડાયા પરિવારજનો દ્વારા ૧૨-૦૯ કલાકે ભલારાદાદા તથા માતાજીના જયનાદના નારાઓ વચ્ચે ચડાવવામાં આવેલ. સાધાર્મિક ભક્તિ રતનશી તેજપાર લોડાયા (વરાડીઆ) તરફથી હતી. ધ્વજારોહણ બાદ પ્રસાદી, સંઘ પ્રભાવના તેમજ પહેડી અને સમુહ આરતી કરવામાં આવેલ. મુંબઈ બપોરે પ્રસાદ (ભોજન) લઈ  ભાવિકો મુંબઈ રવાના થયેલ. મુંબઈમાં પહેડી ફેબ્રુઆરી'૧૩ ભાંડુપ ખાતે યોજાશે. લાભાર્થી પરિવાર શ્રી કલ્યાણજી ભાણજી  લોડાયા-વરંડીમોટી, સર્વે ભાવિકો-નિયાણી બહેનોને સહકુટુંબ પધારવા નિમંત્રણ છે.

## સાંયરાવાસીઓનું સ્નેહમિલન

સાંયરાવાસીઓનું ૧૬મું સ્નેહમિલન રવિ. તા. ૩.૨.૧૩ના જગન્નાથ હોલ, ભાંડુપમાં યોજવામાં આવેલ છે. જેમાં શૈક્ષણિક અને વિશિષ્ટ સિદ્ધિ સન્માન, સાંયરારત્ન ખિતાબ વિતરણ, સંગીતસંધ્યા અને હાસ્ય દરબારનો કાર્યક્રમ યોજાશે. સર્વે સાંયરાવાસીઓને સપરિવાર આમંત્રણ છે. સાંયરાતીર્થની ૧૩૫મો ધ્વજા મહોત્સવ ૧૨થી ૧૪.૩.૧૩ના કચ્છમાં ઉજવાશે જેના ચડાવા બોલાશે.

## ગોએરસમા-બારોઈ સ્નેહમિલન

ગોએરસમા-બારોઈવાસીઓનું સ્નેહમિલન અને માદરે વતનમાં જિનાલયે ધ્વજારોહણ વિધિ ૨૭-૨૮.૩.૧૩નાં યોજાશે. તા. ૨૭.૩ ના ૧૮ અભિષેક અને ૨૮.૩ના બન્ને ગામના દેરાસરની ધ્વજા છે. સર્વે ગામવાસીઓ તથા નિયાણીબહેનોને સપરિવાર આમંત્રણ છે.

## તા. ૧૩.૧.૧૩નાં યોગી સભાગૃહમાં નવકાર જાપ

શ્રી બૃહદ મુંબઈ પંચ પરમેષ્ઠિ પરિવારની પ્રેરણાએ તા. ૧૩.૧.૧૩નાં નવકાર મંત્ર જાપનું અનુષ્ઠાન દાદર સ્ટેશન સામે, યોગી સભાગૃહમાં યોજાયેલ છે. આ પ્રસંગે વિરલ જૈન પ્રતિભાઓને પંચ પરમેષ્ઠિરત્ન એવોર્ડથી સન્માનિત કરાશે.

## 'જૈન દંડ નીતિ' ગ્રંથનું વિમોચન

પૂ.આ.શ્રી. આર્યરક્ષિતસૂરીની નવમ શતાબ્દિ અને પૂ.આ.શ્રી. ગુણસાગરસુરીજીની જન્મ શતાબ્દિ વર્ષે મુલુન્ડ ઈસ્ટમાં અચલગચ્છ સંઘના ઉપક્રમે અંજન પ્રતિષ્ઠા અને દિક્ષા મહોત્સવે 'જૈનદંડ નીતિ' ગ્રંથનું વિમોચન કરાશે. અષ્ઠાન્હિક જિનેન્દ્ર ભક્તિ મહોત્સવે વિવિધ અનુષ્ઠાનો પૂ.આ.શ્રી. કલાપ્રભસાગરસુરીજી મ.સા. આ.ઠા. અને ચતુર્વિધ સંઘની સૌભાગ્ય નિશ્રામાં ઉજવાશે. આ પ્રસંગે શ્રુતજ્ઞાનનું આ નવલું નઝરાણું સંઘને ભેટ મળશે.

## માસક્ષમણના તપસ્વીઓનું બહુમાન

પૂ.આ.શ્રી. ગુણસાગરસુરીજીના જન્મ શતાબ્દિ વર્ષે ૧૦૦ જેટલા માસક્ષમણ તપસ્વીઓના બહુમાન કાર્યક્રમમાં માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર તરફથી રૂ.૨૦૦૦ની કિંમતની ચાંદીની નોટરૂપે સ્મૃતિચિન્હ પ્રભાવના કરાઈ.

## શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ

મુંબઈ મહાજનશ્રી અંતર્ગત ચાલતા શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ તરફથી તા. ૨૬.૧.૧૩ના સવારે ૧૦ થી ૫ માં મુલુંડમાં  વ્યાપાર મેળામાં રક્તદાન શિબિર ગોઠવાયું છે. રક્તદાતાઓને અમુલ્ય ભેટ અપાશે. ટ્રસ્ટ દ્વારા રાહત દરે આંખ ચિકિત્સા અને ચશ્મા આપવાની પણ યોજના છે.

તા. ૨૭.૧ નાં ૧૧ થી ૧૨માં ડૉક્ટરો અને સામાજિક કાર્યકરો દ્વારા મેડીક્લેમ વીમા યોજના, વિવિધ રોગ, હોસ્પિટલ્સ, ડૉક્ટર્સ સહાય આપતી સંસ્થાઓની માહિતી અપાશે.

ટ્રસ્ટના રોજિંદા ઓફિસ કામ માટે જ્ઞાતિ ભાઈ-બહેનની જરૂરીયાત છે. વધુ વિગત સંપર્ક ટ્રસ્ટ ઓફિસ, મુંબઈ મહાજન, અનંતનાથજી દેરાસર, મુંબઈ-૯.

### મુંબઈ મહાજન દ્વારા શૈક્ષણિક માર્ગદર્શન

મુંબઈ મહાજનની એજ્યુસ્પાર્ક સમિતિ દ્વારા જ્ઞાતિછાત્રો અને વાલીઓ માટે પ્રાથમિક અને ઉચ્ચ શિક્ષણ માટે પ્રો. શૈલેષ નાગડા અને ટીમ વિવિધ કોર્સ, ટેક્નોલોજી દ્વારા શિક્ષણ, શિક્ષણ માટે લોન સહાયતા વગેરે બાબતે તા. ૨૭.૧.૧૩નાં સાંજે ૪ થી ૬ માં 'વ્યાપાર મેળા' મુલુંડમાં માર્ગદર્શન આપશે.

### 'ખેલ કેડીઓ-૨૦૧૩'

મુંબઈ મહાજન, ડોંબીવલી મંડળ અને શ્રી. ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના સંયુક્ત ઉપક્રમે તા. ૨૬ અને ૨૭.૧.૧૩ના વ્યાપાર મેળામાં વિવિધ રમતગમત સ્પર્ધાઓ યોજવામાં આવી છે.

જ્ઞાતિજનો માટે વયગ્રુપ પ્રમાણે રીલેરેસ, સેકરેસ, લીંબુ-ચમચી, ચોકલેટ લુટ, શોર્ટપુર, વન મિનિટ ગેમ, મ્યુઝીકલ ચેર વગેરે આનંદ પ્રમોદની રમતો ગોઠવાઈ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-વરાડીયા

મહાજનશ્રી દ્વારા વરાડીયાવાસી જ્ઞાતિછાત્રોને શૈક્ષણિક સહાય અપાય છે. મહાજનના ફંડ્ઝમાં પંચવર્ષીય યોજનામાં નોંધાવેલ દાતાઓએ વચનપુર્તિ કરવા અપીલ છે. જેથી વધુ વિદ્યાર્થીઓને સહાય કરી શકાય. જે છાત્રોએ લોન લીધી છે. તેમણે સત્વરે લોન પરત કરવા વિનંતી કરાઈ છે.

### શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ

સંઘ દ્વારા વર્ષ ૨૦૧૩નું કેલેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. જે જ્ઞાતિ સંસ્થા કે સંઘના સભ્યને ન મળ્યું હોય તો સંપર્ક : ધર્મિષ્ઠા કિરીટ લોડાયા (ડોંબીવલી)-૯૮૧૯૪૬૨૧૩૧, હેમીલ જયેશ દંડ-૯૮૧૯૯૮૫૩૩૯ વિદ્યાર્થીસંઘ આગામી વર્ષે અલગથી કેલેન્ડર ન કાઢતાં સમસ્ત મહાજનશ્રીના પ્રોજેક્ટ સાથે જોડાશે.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્યનિધી ટ્રસ્ટ

પૂ. શ્રી. જયલક્ષ્મીશ્રીજી મ.સા. પ્રેરીત અને પૂ.શ્રી. જયદર્શિતાશ્રીજી મ.સા.ના માર્ગદર્શને ટ્રસ્ટ સફળતાપૂર્વક પ્રવૃત્તિ કરે છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાનું કાર્ય સારી રીતે ચાલે છે. કાયમીતીથી ભોજનના દાતાઓ ઠાકરશી રતનશી ગડા (વડોદરા), દામજી હંસરાજ ધરમશી (વરલી), દેવજી પુનશી મોતા (અંકલેશ્વર), મીનાબેન શામજી લોડાયા (થાણા) હસ્તે તરલાબેન, રાજુલબેન, લક્ષ્મીબેન કેશવજી લોડાયા (ચાલીસગામ) હસ્તે વિજયાબાઈ દેવજી પટેલ, વિરચંદભાઈ ભાટે, ગુલાબભાઈ દેવજી ડાઘા (અમલનેર), શા. દેવજી રતનશી પટેલ (ચાલીસગામ), ગીતાબેન મુકેશ લોડાયા (દૈનિક નકરો), નરેન્દ્ર પી. મૈશેરી (હસ્તે રાહુલ અને નિરંજન મૈશેરી (કોપરખૈરણે), થોભણભાઈ દેવજી કુરવા (ક્રીષ્ના), એક સદ્‌ગૃહસ્થ (નકરો) અને સાધર્મિકભક્તિનો લાભ.

### વડાલા નગરે ધ્વજા મહોત્સવની ઉજવણી

વડાલા નગરે જિનાલય ધ્વજા મહોત્સવ નિમિત્તે માગશર સુદ ૫ ને તા. ૧૭.૧૨.૧૨ ના પૂ.આ.શ્રી. ગુણમાલાશ્રીજી મ.સા. શિષ્યા પૂ.આ.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. અને પૂ.આ.શ્રી. ઋતુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આ.ઠા.૩ માહીમથી વહેલી સવારે પધારેલ. તેઓશ્રીની નિશ્રામાં પાર્શ્વનાથ પંચ કલ્યાણકની મોટી પૂજા શ્રી વીર ભગિની મંડળે રાગરાગણી ભણાવેલ. રૂા.૫ ના પ્રભાવના થયેલ.

તા. ૧૮.૧૨.૧૨ના બન્ને જિનાલયમાં અઢાર અભિષેક કરવામાં આવેલ. અભિષેકમાં સૌએ વ્યક્તિગત ઉછામણી બોલીને લાભ લીધેલ. સંઘ તરફથી સાધાર્મિકભક્તિ હતી.

તા. ૧૯.૧૨.૧૨ના શ્રી સંભવનાથ જિનાલયની ૨૬મી ધજા માતુશ્રી તેજબાઈ ઉમરશી ગાલા (દેવપુર) પરિવારે લાભ લીધેલ. વિધિવિધાન તેમજ સત્તરભેદી પૂજા સંગીતના સથવાર રાગરાગિણીથી કેશવજી ધારશી ગડા અને ભણાવેલ.

શ્રી ચંદ્રપ્રભુસ્વામી ગૃહ જિનાલયનો ધ્વજારોહણનો લાભ શ્રી ખુશાલ ખેતશી વિસરીયા (દેશલપુર) પરિવારે લીધેલ. શ્રી સતરભેદી પૂજા શ્રી વીર ભક્તિની મંડળ ભણાવેલ આ પ્રસંગે કાયમી દાતા માતુશ્રી તેજબાઈ ગાલા પરિવારે સાધર્મિક ભક્તિનો લાભ લીધેલ.

# ટૂંકી વાર્તા-માઈનુ ઘર

મરણ પથારીએ પડેલી ભાભી પાસે બેઠેલી માઈની આંખોમાંથી આંસુ વહ્યે જતાં હતાં. અત્યારે જ્યારે અંતિમ ઘડી નજીક ને નજીક આવી રહી હતી ત્યારે ભાભીની મુખમુદ્રા એટલી શાંત અને નિર્દોષ લાગતી હતી કે જેવી એ સોળવર્ષની ઉંમરે પરણીને આવી ત્યારે લાગતી હતી. અત્યારે પણ માઈને એ દિવસ બરાબર યાદ છે, જ્યારે ભાઈને પરણીને ભાભીએ આ બંગલાના આંગણામાં પગ મૂક્યો હતો.

'કેટલી સુંદર છે મારી ભાભી ! જો, જો કોઈ નજર ન લગાડતા હં !'

ભાભી કરતાં ત્રણ-ચાર વર્ષ નાની કિશોરી કુસુમનો હરખ માતો નહોતો. એને તો ભાભીના રૂપમાં એક સહિયર મળી ગઈ હતી. ભાભીએ ત્યારથી માંડીને આજ સુધી કુસુમ સાથેનાં સહીપણાં નિભાવ્યાં હતાં. બાકી, આમ જુઓ તો કુસુમ કોઈની કશી સગી નહોતી. એ હતી માત્ર મોટાબાબુના ખેરતમાંથી મળી આવેલી એક ત્યજાયેલી બાળકી. પણ મોટાબાબુએ એને પોતાનું સંતાન માનીને જ ઉછેરી, મોટાબાબુના અવસાન પછી ભાઈ એને વારંવાર પૂછતા,

'કુસુમ, કોઈ વાતે મૂંઝાતી તો નથી ને બેન? કંઈપણ હોય તો મને કહેજે. બાબા નથી, પણ હું તો છું ને તારો ભાઈ!' ખરેખર, ભાઈ અને ભાભીએ એને કદી કોઈ વસ્તુની ખોટ ન લાગવા દીધી. કુસુમના લગ્નનું ગોઠવી નથી શકાતું એ વાત ભાઈના હૈયામાં શૂળની જેમ ભોંકાતી પણ જ્યાં પણ વાત ચલાવવા જાય ત્યાંથી એક જ જવાબ મળતો, 'તમારા જેવા લોકોના આબરૂદાર કુટુંબમાં મોટી થઈ એટલે સંસ્કારમાં તો કશું જોવાનું જ ન હોય અને સુંદર, ઘાટીલી છે એ બધી વાત સાચી પણ અંતે તો અનાથ જ ને !' કોણ એના મા-બાપ, કયુ કુળ - આ બધી વાતની કોને ખબર છે?

નિરાશ થઈ ગયેલા મોટાભાઈને કુસુમ સમજાવતી, 'ભાઈ, શા માટે મારી ચિંતા કરો છો ? હું તમને ભારે પડું છું ? નહીંને ! બસ ત્યારે, ને હું ક્યાં એકલી છું ? આ કંદર્પ ને કેદાર બેય મારાં જ છે ને !' ખરેખર જ કુસુમે ભાઈના બંને દીકરાઓ માટે રાતોની રાતો ઉજાગરા કર્યા હતા. માંદા પડ્યા હોય તો આકરી બાધાઓ રાખી હતી. ભાભીને એ હંમેશા કહેતી, 'ભાભી, આ ઘર-પરિવારની ઝંઝટ અને સગાસંબંધીના વહેવાર સાચવવા એ બધું તમે સંભાળો ને મારા આ નટખટ ભત્રીજાઓની જવાબદારી મને સોંપી દો!' મોટો કેદાર, એની પત્ની અને બાળકો મુંબઈ વસી ગયા હતાં અને નાનો કંદર્પ આગળ અભ્યાસ કરવા અમેરિકા ગયો પછી ત્યાંનો જ થઈ ગયો હતો. આવડા મોટા બંગલામાં રહી ગયા માત્ર ત્રણ ભાઈ-ભાભી અને કુસુમ, ત્રણે એકમેકના સંગમાં આનંદથી દિવસો પસાર કરતાં હતાં. એવામાં ભાઈને જીવલેણ બીમારી આવી. અંત સમયે ભાઈની નજર કુસુમ સામે જ હતી અને આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. ભાભીએ ભાઈનો હાથ હાથમાં લઈને વચન આપ્યું, 'કુસુમને હું કોઈ વાતે ઓછું નહીં આવવા દઉં. તમે તમારા જીવને સંતાપો નહીં.'

ભાભીનું વચન સાંભળ્યા પછી તરત ભાઈએ આંખ મીંચી દીધેલી. કંદર્પ ને કેદાર કુસુમને 'માઈ' કહીને બોલાવતા એટલે બધા જ હવે એને માઈ કહેતા. માઈ હળવે હળવે ભાભીના માથે હાથ ફેરવતી રહી ને ભાભીએ દેહ છોડ્યો. જેવી ખબર પડી કે, સાસુ ગયા કે કેદારની પત્ની પ્રીતિએ જોરજોરથી રડીને ઘર ગજાવી દીધું. જેઠાણીને આટલું કલ્પાંત કરતી જોઈને દેરાણી કંઈ પાછળ રહે ? દેરાણી-જેઠાણીનાં નાટક જોઈને માઈ સમસમી ઊઠતી હતી. આટલાં વર્ષોમાં નથી તો કોઈ મા પાસે આવીને રહ્યું કે નથી કોઈએ માને પોતાની પાસે રહેવા બોલાવી. અત્યારે તો બંને દીકરાઓ પણ અનન્ય ભક્તિભાવપૂર્વક માનો એકએક પગ પકડીને બેસી ગયા હતા. જ્યારથી માઈને આસપાસમાંથી જાણવા મળ્યું કે, મકાનનો સોદો થઈ ગયો છે ત્યારથી એ મનમાં મને મનમાં મૂંઝાવા લાગી હતી. હવે મારું શું થશે? હું ક્યાં જઈશ? આ સવાલોએ એની રાતોની ઊંઘ હરામ કરી નાખી હતી.

પ્રીતિ દેરાણીને કહી રહી હતી, 'તમારી ફ્લાઈટ વીસમીએ રાતની છે ને! આપણે ઘરેથી જ નીકળવાનું રાખજો.' 'હા, આગલે દિવસે માનું તેરમું પતી જાય પછી વીસમીએ સવારે બધા સાથે જ મુંબઈ જવા નીકળી જઈશું' કંદર્પની પત્નીએ કહ્યું.

રાત્રે આખો પરિવાર માલ-મિલકતની વહેંચણીની વાતો કરતો બેઠો હતો. આવા સમયે ત્યાં જવામાં માઈને બહુ સંકોચ થતો હતો પણ ગયા વિના છૂટકો નહોતો. પારિવારિક અને અંગત વાતો ચાલતી હતી ત્યારે એનું આગમન બધાને ખટક્યું હતું એ દેખાઈ આવતું હતું.

'માઈ, કેમ આવવું પડ્યું? કંઈ ખાસ કામ હતું ?' કેદારે ભારેખમ અવાજે પૂછ્યુ. 'હું એટલે કે, ખાસ તો...' માઈએ બહુ મુશ્કેલીથી શબ્દો ભેગા કર્યા, 'બંગલાના નવા માલિકને કહીને મારી રહેવાની કંઈક સગવડ કરતા જજો ભાઈ.' આંખમાં ધસી આવતાં આંસુને માઈએ માંડ રોક્યાં. 'આ બંગલો હવે નથી રહેવાનો. અહીં તો શોપીંગ સેન્ટર બનવાનું છે.' કંદર્પે કહ્યું. પ્રીતિએ માઈને સારું લગાડવાની કોશિશ કરી, 'આમ તો તમને હું જ લઈ જાત માઈ, પણ મુંબઈમાં નાનાં નાનાં ઘર. અમને જ સંકડાશ પડે છે ત્યાં...' 'સારું ત્યારે, જોઉં પછી કે હવે મારે ક્યાં જવું...' ધીમે ધીમે બોલતાં માઈ ધ્રૂજતા પગલે રૂમમાંથી જવા લાગી.

'ઊભાં રહો માઈ આજી, તમારે તો મારી સાથે જ આવવાનું છું.' માઈના પગ થંભી ગયા. કેદારનો દીકરો પાર્થ નજીક આવી સ્નેહથી માઈનો હાથ પકડી કહેવા લાગ્યો. 'પપ્પાએ અમારા બંને ભાઈઓ માટે પૂનામાં ફ્લેટ લીધો છે. ત્યાં આવીને તમારે કેટલું બધું કામ કરવાનું છે ! અમે બરાબર ભણીએ છીએ કે નહીં, કામવાળી બરાબર કામ કરે તો છે ને, એ બધું ધ્યાન રાખવાનું છે અને તમારા હાથે બનાવેલાં આમટી-ભાત અમને ખવડાવવાનાં છે. હવે તમારું ઘર ત્યાં છે, સમજ્યા ?' કેદાર પ્રીતિનાં મોઢાં કાળાંધબ્બ થઈ ગયાં અને માઈએ પાર્થને બાથમાં લઈ લીધો.

**- આશા વીરેન્દ્ર**

*(સવિતા શેટ્ટીની મરાઠી વાર્તાને આધારે)*

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**કાશ્મીરા ધુલ્લા (તેરા)** બી-૧૦૯ અનંતનાથજી કોમ્પ્લેક્સ, નહેરૂનગર, ડબા કં. પાસે, કાંજુરમાર્ગ (ઈ), મુંબઈ-૪૨
ફોન : 9821322037

**માણેકજી કાનજી મૈશેરી** રૂમ-૭, સુનિતા એસ્ટેટ ચાલ નં.૬, વીલેજ રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦૦૯૫

**દિનેશ ટોકરશી ધરમશી** શ્રીનાથ એપા., હરીયા એજન્સી, સાવરકરનગર, વસઈ (વે)-૪૦૧૨૦૨

**મયુર એલ. મોતા** વાસન ફોર્ડ લક્ષ્મીનારાયણ બિલ્ડીંગ, સાયન ટ્રોંબે રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦૦૭૧
ફોન : 66835555

**હંસરાજ ધરમશી મોતા (સુથરી)** H. નં. ૧૮૩, સીલ્વર ટાઉન, ૭મો ક્રોસ, ગોકુલ રોડ, હુબલી-૫૮૦૦૩૦ ફોન : 9343458340

**નરેન એન લોડાયા** ૦૨ શિવસાઈ એપા. છેડા મેડીકલ્સ સામે, એમ.જી. રોડ, ઘાટકોપર (ઈ)-૪૦૦૦૭૭.
ફોન : 9619484157

**પ્રમેશ હંસરાજ દંડ** ૬૦૧, સુયોગ ગોદાવરી કૃપા, વી.પી. ક્રોસ રોડ, મુલુન્ડ (વે), મુંબઈ-૪૦૦૦૮૦.

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ-હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| કિશોર ટોકરશી સોની | મુલુન્ડ | 25617105 | લહેરચંદ શીવજી વિકમશી | વારાપધર | 96873711279 |
| વિમલાબેન લોડાયા | ઘાટકોપર | 9819514223 | લહેરચંદ વેલજી લોડાયા | આદીપુર | 9712039799<br>9979652689 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬.૧૦.૧૨ | મસ્જીદ | RPNG020303 | રીદ્દાન-જીતેન દિલીપ નાગડા | રાપર | કન્યા |
| ૩-૧૦-૧૨ | કોપર | GDDR010203 | હેમ-હિતેન મહેન્દ્ર ધ્રોળ | ગોધરા | પુત્ર |
| ૯.૧૧.૧૨ | ઘાટકોપર | NLNG201304 | મીરાયા-જય રાજેન્દ્ર નાગડા | નલીયા | કન્યા |
| ૨૯.૧૨.૧૨ | અંધેરી | JKMU050803 | ક્રિયાંશ-હર્ષલ કિરીટ મુનવર | જખૌ | પુત્ર |
| ૮.૧૦.૧૨ | હૈદ્રાબાદ | TRMT1800303 | કુવમ અને કુવીરા-મિતેશ જયંતીલાલ મોતા | તેરા | જોડલા પુત્ર-કન્યા |
| ૨૬.૧૨.૧૨ | પવઈ | SUKN | વૃષભ-જયમન લેરીન ખોના | સુજાપર | પુત્ર |
| ૨૩.૧૧.૧૨ | હૈદ્રાબાદ | RPLO | દૃષ્ટિ અને હર્ષ-પ્રિતેશ લહેરચંદ | રાપરગઢ | જોડલા કન્યા-પુત્ર |
| ૧.૧.૧૩ | જોધપુર | DALI050203 | માહી-જીતેન જવેરચંદ લાપસીયા | દલતુંગી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭.૧.૧૩ | ધુલીયા | SIS001-1103 | હર્ષદ ગોવિંદજી નેણશી સોની | સાંયરા | ૨૭ |
| | ભુજ | SUKN010103 | તેજલ લહેરચંદ કુંવરજી ખોના | સુથરી | ૨૭ |

### લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૬.૧૨.૧૨ | મુલુંડ | SUCD030503 | દિપ તુષાર નરશી છેડા | સુથરી | ૨૬ |
| | મસ્જીદબંદર | SMM0010705 | ચાર્મી વિજય હિરાચંદ મોમાયા | જખૌ | ૨૫ |
| ૨૩.૧૨.૧૨ | મુલુંડ | BHDD011604 | પ્રીતેશ રમેશ ખીમજી દંડ | ભરૂડિયા | ૩૦ |
| | ભાંડુપ | BYPL020504 | રૂપલ નરેન્દ્ર હિરાલાલ પટેલ (પોલડીયા) | બાયઠ | ૨૮ |
| ૧૬.૧૨.૧૨ | ગદગ | SIL0071704 | રૂષભ દિનેશ કુંવરજી લોડાયા | સાંયરા | ૩૦ |
| | ખામગામ | VRVK020803 | ધ્વની જયેશ દામજી વિકમશી | વરાડીયા | ૨૩ |

### આંતરજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬.૧૨.૧૨ | | SUDH041703 | ચેતન બિપીન મોતીચંદ ધરમશી | સુથરી | ૩૦ |
| | | A | બીજલ ગોપાલજી ભિકાજી રાણે | ડોંબીવલી | ૨૮ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩.૧.૧૩ | ડોંબીવલી | BHDD060702 | નીતા જતીન લક્ષ્મીચંદ દંડ | ભરૂડીયા | ૪૦ |
| ૨૯.૧૨.૧૨ | નાની સીંઘોડી | SNDH010201 | મયુર ટોકરશી દેવશી ધરમશી | નાની સીંઘોડી | ૩૭ |
| ૬.૧.૧૩ | આદીપુર | SDKN010601 | નરશી કલ્યાણજી લધાભાઈ ખોના | સાંધવ | ૮૩ |
| ૯.૧.૧૩ | ઘાટકોપર | SIDH010801 | ચંદુલાલ ભારમલ રામૈયા ધરમશી | સાંયરા | ૭૪ |
| ૫.૧.૧૩ | માટુંગા | TRCD020501 | પ્રેમચંદ પદમશી જીવરાજ છેડા | તેરા | ૮૦ |

## માતુશ્રી મહાલક્ષ્મીબેને ૪૦ કુટુંબીજનોને શિખરજીની મહાયાત્રા કરાવી એ પુણ્યકાર્યની અનુમોદના... -ફાલ્ગુન ખોના અને પરિવારજનો







### મોતા તથા નાગડા પરિવારનું ગૌરવ
### હાર્દિક અભિનંદન !



**ચિ. ગિરીશ ખુશાલ મોતા**

(લાખાણીયા-મુલુન્ડ)

ચિ. ગિરીશ MBA (Finance)માં પાસ થઈને અમારા પરિવારનું ગૌરવ વધાર્યું છે. તેના ઉજજવલ ભવિષ્ય તથા ઉત્તરોતર પ્રગતિ માટે અમારી અંતરની શુભેચ્છા... હાલમાં Raptakas Brett & Co.માં Asst. Manager પદે પર કાર્યરત છે.

: શુભાશિષ :

દાદી-દાદા : સ્વ. ગંગાબાઈ દેવશી મોતા (લાખાણીયા-મુલુન્ડ)

નાની-નાના : ગં.સ્વ.મણીબાઈ પદમશી નાગડા (સાંધાણ-બીજાપુર)

માતા-પિતા : સૌ. ગીતા ખુશાલ મોતા

ભાભી-ભાઈ : સૌ. જાનવી જય મોતા

ભત્રીજા : યુગ જય મોતા

### હાર્દિક અભિનંદન !



**ચિ. કુશલ ભરત લોડાયા**

(બારોઈ-જલગામ)

(જન્મ : ૧૬-૯-૧૯૮૭)

Done B.E. (Mech) Passed M.B.A. (Operation) with Distinction

ચિ. કુશલના ઉજજવલ ભવિષ્ય તથા ઉત્તરોતર પ્રગતિ માટે અંતરની શુભેચ્છાઓ...

શુભાશિષ

દાદાણાં : માતુશ્રી તારાબેન કુલીનકાંત લોડાયા (બારોઈ-જલગામ)

નાનાણાં : માતુશ્રી ભાનુબેન મણીલાલ ધુલ્લા (સુથરી-મુલુન્ડ)

માતા-પિતા : સૌ. ભારતી ભરત લોડાયા (જલગામ)

એવમ સમસ્ત લોડાયા પરિવાર (0257-2225933)

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

## શ્રી સોમ ધરમશી અને સૌ. પંચમી દર્શન શાહે કચ્છના રણોત્સવની મુલાકાત લીધી એની તસ્વીરો




















EKTA
LAND DEVELOPERS

એકતા લેન્ડ ડેવલોપર્સ
અબડાસામા જમીન લે-વેંચ માટે મળો

હેમંત મોમાયા
Mob. : 9819018143

જુગલ નાગડા
Mob. : 9978002772

કિરણ મોતા
Mob. : 9925991118



શાહ મંડપ એન્ડ લાઈટ ડેકોરેશન
તમારા શુભ પ્રસંગોને યાદગાર બનાવવા માટે મળો.
કિરણ લખમશી મોતા (નલીયા) – Mob. : 9925991118

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**